'સસ્તું સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

જ્ઞાન અને કર્મ

★

લેખક :

સ્વામી અદ્વૈતાનંદ

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

★

પ્રત : ૨૫૦૦ :: સં૰ : ૨૦૦૨

ત્રણ આના

નિવેદન

'આમ સાહિત્ય શ્રેણી'નું આ ત્રીસમું પુસ્તક પ્રકટ કરતાં અમને આનંદ થાય છે.

આ શ્રેણીમાં આર્યસંસ્કાર ફેલાવનારાં તથા જ્ઞાન સાથે ગમ્મત આપનારાં ૧૦૦ થી ૧૫૦ નાનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાની અમારી ધારણા તથા યોજના છે. ગરીબ પણ જિજ્ઞાસુ વર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે પોતાના માટે તેમ જ પોતાનાં બાળકો તથા સ્ત્રીવર્ગમાં સંસ્કાર રેડવા સારુ ઉચ્ચ વાચન પૂરું પાડતી આ પુસ્તિકાઓની નાનકડી લાયબ્રેરી વસાવી શકશે.

આ શ્રેણીમાં પ્રકટ થયેલાં પુસ્તકોની યાદી આ પછી પાન ૭૧ ઉપર આપી છે; તે તરફ વાચકબંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે.

મુંબઈ, તા. ૧૫-૫-'૪૬

'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ' વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

જ્ઞાન અને કર્મ

★

લેખક :

સ્વામી અદ્વૈતાનંદ

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

★

પ્રત : ૨૫૦૦ :: સં૦ : ૨૦૦૨

ત્રણ આના

મુદ્રક અને પ્રકાશક:
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
રાયખડ : અમદાવાદ

અનુક્રમ

જ્ઞાન અને કર્મ

૧ : ઉત્કૃષ્ટ જીવન

આહાર, નિદ્રા, ભય, રતિભોગ—એ વ્યાપાર પ્રાણિમાત્રમાં દૃષ્ટિગોચર થાય છે. અલ્પજીવી, ગતિમાન ક્ષુદ્ર જંતુઓથી માંડીને ગહન અને વિશાળ વિચાર-સાગરમાં વિચરતા બુદ્ધિમાન મનુષ્ય પર્યંત સર્વને એ ચાર વસ્તુઓ સમાન છે. આટલે અંશે પશુ, પક્ષી, મનુષ્યમાં કાંઈ પણ તફાવત નથી. ભેદ શાથી ઉપસ્થિત થાય છે? તેનો હેતુ શો છે? કેવળ હરફરમાં જ જેમનું જીવન છે, એવા લક્ષાવધિ જંતુઓ કરતાં પક્ષીઓમાં અધિક જ્ઞાન અને શક્તિનો આવિર્ભાવ જોવામાં આવે છે. પક્ષીઓ કરતાં પશુઓમાં સામર્થ્ય વધારે પ્રમાણમાં હોય છે; અને તેથી વધારે શક્તિ મનુષ્યોમાં જોવામાં આવે છે. ઉત્તરોત્તર જ્ઞાન, ઇચ્છા, ક્રિયાશક્તિમાં આ વૃદ્ધિનો શો ઉદ્દેશ છે તથા તેનું શું કારણ છે, એ પ્રશ્ન વિચારવા યોગ્ય છે. આના સંતોષકારક નિર્ણય ઉપર જ મનુષ્યજીવનનું યથાર્થ ઘડતર થઈ શકે છે.

આર્યાવર્તના સમર્થ અને તત્ત્વદર્શી વિચારકોના

મત અનુસાર આ તફાવત ઉપજાવનાર હેતુ **ધર્મ** છે. પશુ અને મનુષ્ય વચ્ચે ભેદ ઉત્પન્ન કરનાર **ધર્મ** જ છે. ધર્મહીન મનુષ્ય અને પશુમાં કશો ફેર નથી. પશુયોનિ સુધી સર્વ પ્રાણીઓમાં **ધર્મ**નો ઉદય જ દેખાતો નથી. મનુષ્ય અને ધર્મભાવનાનો નિકટ સંબંધ છે. સામાન્ય રીતે આપણે વ્યવહારમાં જડ અને ચેતનનો તફાવત હલનચલન કરવાની શક્તિ ઉપરથી કરીએ છીએ. આ શક્તિમાં જેમ જેમ બુદ્ધિતત્ત્વનો પ્રવેશ થતો જાય છે, તેમ તેમ જીવનમાં ઉન્નતિ આવતી જાય છે. વિવેક–બુદ્ધિનો સંપૂર્ણ રીતે વિકાસ મનુષ્ય-માં જ થાય છે; તેથી મનુષ્યને સર્વ પ્રાણીઓમાં ઉચ્ચ સ્થાન આપવામાં આવે છે તથા સાંસારિક જીવનનું કેંદ્ર ગણવામાં આવે છે. મુક્તિ મનુષ્યશરીરમાં જ મળી શકે છે એવી જે માન્યતા છે, તેનું પણ એ જ કારણ છે. બુદ્ધિની ખીલવણી પણ ક્રમાનુસાર થાય છે. પ્રથમ સહજ સ્ફૂર્તિરૂપે જણાય પછી કારણ અને કાર્યનું અસ્પષ્ટ અનુસંધાન કરી શકે. અનુભવથી અને સ્વપ્રયત્નથી જેમ જેમ બુદ્ધિ સૂક્ષ્મ અને પરિપક્વ થતી જાય, તેમ તેમ તેનામાં સારાસારના વિવેકનો ઉદય થાય છે; અને હિતાહિતનો નિશ્ચય કરી ભવિષ્યને માટે આચારવિચારનો નિર્ણય કરી શકે છે.

મનુષ્યમાં પોતે પોતાને જાણી શકે તેવી બુદ્ધિનો ઉદય થયેલો હોય છે, તેથી જ ધર્મવિચાર અને મનુષ્યને

ઘણો પાસેનો સંબંધ છે એમ કહી શકાય. સારાસાર વિવેકયુક્ત બૌદ્ધિક જ્ઞાન થાય, તો તે આત્મજ્ઞાનનું પ્રથમ પગથિયું છે. આવા પરોક્ષ જ્ઞાન વિના અપરોક્ષ જ્ઞાનપ્રાપ્તિની ઉત્કંઠા ઉત્પન્ન થતી નથી અને મનુષ્ય પ્રયત્નશીલ થતો નથી. વસ્તુસ્થિતિ આવી હોવાથી સ્વસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરી શકે તેવી શક્તિની જાગૃતિ એ જ ધર્મ છે; અને મનુષ્યો અને પશુઓ વચ્ચેનું ભેદદર્શક ચિહ્ન પણ એ જ છે એમ કહેવામાં કોઈ પણ પ્રકારની અતિશયોક્તિ નથી.

જગતના પ્રારંભથી તે આજ પર્યંત સર્વત્ર વાતાવરણ અશાંતિનું જ માલૂમ પડયું છે અને પડે છે. આપણા મનમાં પૂર્વજન્મના સંસ્કારો અનુસાર એક વાસના સપાટી ઉપર આવે છે. તેની તૃપ્તિ માટે આપણે ઉદ્યોગ કરીએ છીએ. તે કાર્યમાં અર્ધે રસ્તે જ પહોંચીએ છીએ એટલામાં તો બીજી જ ઇચ્છા ઉત્પન્ન થાય છે; અને અસંતોષની લાગણી પહેલાંના જેટલી જ તીવ્ર બને છે. એક લક્ષ્યબિંદુને પ્રાપ્ત કરવા સતત પ્રયત્ન કરીએ છીએ અને તે દિશામાં થોડી પ્રગતિ કરીએ એટલામાં તો તેનો મોહ ઊતરી જાય છે અને મન બીજી જ દિશામાં ગતિમાન થાય છે. મનુષ્યના સમસ્ત જીવનનો આ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો જણાય છે, કે દુનિયામાં અતૃપ્તિ અને નિરાશા સિવાય કાંઈ છે જ નહિ. આથી જ ઉપલક નજરથી

જોનાર કેટલાએક પાશ્ચાત્ય ચિંતકોએ એવો જ મત પ્રદર્શિત કર્યો છે, કે સંસાર દુઃખમય જ છે. આપણને કશાની જરૂર નથી, એવો વિચાર આપણા મનમાં ભાગ્યે જ આવે છે. અહોનિશ કાંઈ ને કાંઈ ઊણપ લાગ્યા જ કરે છે. કોઈ વખતે આ અસંતુષ્ટતા વિશેષ-પણે પ્રકટ થાય છે અને કોઈ વાર ચિત્તમાં સુષુપ્ત અવસ્થામાં રહે છે. અનુકૂળ સંજોગો પ્રાપ્ત થતાં વેંત જ તે પ્રકટ થાય છે અને આપણા જીવનને ડામાડોળ સ્થિતિ-માં મૂકી દે છે. આ નિર્વેદનું મુખ્ય કારણ એ જ છે, કે આ સંસાર તથા તેના સર્વ નાશવંત પદાર્થો મનુષ્ય-ને નિત્યાનંદની પ્રાપ્તિ કરાવી શકે તેમ નથી; અને જ્યાં સુધી દુનિયાના અનિત્ય પદાર્થોમાંથી આસક્તિ છૂટે નહિ, ત્યાં સુધી પરમ સુખની આશા રાખવી એ ફોકટ ફાંફાં જ છે.

વેદાંતના મતમાં પરમતત્ત્વની ઉચ્ચતમ ભાવના સચ્ચિદાનંદ (અખંડ અસ્તિત્વ, અખંડ જ્ઞાન, અખંડ આનંદ)માં સમાવી દેવામાં આવી છે. પરમાત્મા સંબંધી આપણે જે કાંઈ કલ્પના કરી શકીએ, તે સર્વનો સમાવેશ એમાં થઈ જાય છે; અને તેને પામવાથી—તેનો અનુભવ કરવાથી મનુષ્ય પરમ પદને પામે છે.

જ્યાં સુધી સચ્ચિદાનંદરૂપી ધ્યેયને આપણે મેળ-

વતા નથી, ત્યાં સુધી પ્રકૃતિના બંધનમાં જ સંતુષ્ટ રહેનારી **સ્વાભાવિકી મનુષ્ય-બુદ્ધિ અને હૃદય-ના ઊંડાણમાં રહેલી અને પરમાત્મા તરફ આકર્ષણ કરતી દૈવી પ્રેરણા વચ્ચે દારુણ સંઘ-ર્ષણ ચાલ્યા જ કરે છે. આ યુદ્ધને જ આપણે જીવનની સંજ્ઞા આપી શકીએ.** જ્યાં સુધી આંતર-ક્ષેત્રમાં આ અથડામણનો અનુભવ થતો નથી, ત્યાં સુધી મનુષ્યનું જીવિત પશુવત્ છે એમ જ કહી શકાય. આ ઉભય શક્તિઓના વિગ્રહમાં જે શક્તિ વધારે બળવાન હોય છે, તે જીવાત્માને પોતાના તરફ ખેંચે છે; અને આ પ્રમાણથી માણસની ઉન્નતિ અથવા અવનતિનું માપ થાય છે. માનવજાતિમાં ભિન્ન ભિન્ન પ્રકારના સંપ્રદાયો અને પંથોનું અસ્તિત્વ આપણે જોઈએ છીએ, તેનું કારણ એટલું જ છે કે મનુષ્યજાતિના સર્વાંગી વિકાસ માટે આવા વૈવિધ્યની ધાર્મિક ક્ષેત્રમાં આવશ્યકતા છે—પૂર્વજન્મના સંસ્કારો પ્રમાણે મનુષ્ય-જાતિમાં પ્રકૃતિભેદ નૈસર્ગિક (કુદરતી) હોય છે; અને જ્ઞાનપ્રાપ્તિના અધિકારમાં વિભિન્નતા (ભેદ) હોવાથી સાધનોમાં પણ વિધવિધતા હોવી જ જોઈએ; ત્યારે જ પ્રત્યેક મનુષ્ય પોતાની ઇચ્છા પ્રમાણે પ્રગતિનો માર્ગ ગ્રહણ કરી શકે. આ સર્વનો હેતુ એક જ છે એવો નિશ્ચય દૃઢ થાય, તો પછી ધર્મના ઝઘડાઓનું સ્થાન રહેતું નથી.

દરેક વસ્તુમાં આપણને કારણ અને કાર્યની સંકલન-ની (ગોઠવણની) પ્રતીતિ થાય છે; તેથી સામાન્ય રીતે મનુષ્ય એમ માની લે છે, કે આ કારણ–કાર્યના નિયમને અધીન થઈને વર્તન કરવામાં જ હિત સમાયેલું છે; પણ વિચારશીલ મનુષ્યોને કોઈ પણ પ્રકારના બંધનમાં રહેવાની ઇચ્છા થતી નથી. સંપૂર્ણ મુક્તિ એ જ મનુષ્યના આત્માનો નિત્ય અને સતત ધ્વનિ છે. મનુષ્ય બંધનોથી જકડાયેલો છે છતાં તે તેવી સ્થિતિમાં કાયમ રહેવા ઇચ્છતો નથી, એ જ મનુષ્ય અને અન્ય પ્રાણીઓ વચ્ચે ભેદ છે. આ મુક્તિ મેળવવા માટે મનુષ્ય અસહ્ય કષ્ટ ઉઠાવે છે. જગતમાં બંધનોનું સ્વરૂપ જેમ જેમ વધારે સ્પષ્ટ થતું જાય છે, જેમ જેમ શુભ સંસ્કારોનો ઉદય થતો જાય છે, તેમ તેમ આ ભાવના સુદૃઢ થતી જાય છે. સંસારબંધનમાંથી મુક્ત થવાની જીવાત્માની જિજ્ઞાસા નાશ પામે, તો મનુષ્યનું જીવન ટકી શકે જ નહિ. **જીવન એટલે આખરના આદર્શની પ્રાપ્તિ માટેનો સતત પ્રયત્ન. સંસારનાં બંધનોથી આપણે બંધાયેલા છીએ એ વાત જેટલે અંશે અનુભવસિદ્ધ છે, તેટલે જ અંશે સ્વાતંત્ર્યની કલ્પનાનું અસ્તિત્વ પણ પ્રત્યક્ષ છે.**

પ્રકૃતિ દ્વંદ્વમય છે. બંધન અને મુક્તિ, પાપ અને પુણ્ય, વિદ્યા અને અવિદ્યા–એ સર્વ પરસ્પર વિરોધી

જણાતી કલ્પનાઓ સાથે ને સાથે જ રહેનારી છે. પશુવર્ગની ઇચ્છાઓનું નિરીક્ષણ કરવામાં આવે તો આપણને જણાશે, કે તેમની સર્વ વાસનાઓ સ્થૂળ શરીરમાં જ કેંદ્રિત થયેલી હોય છે. સ્થૂળ દેહનું પોષણ કરવું, તેનું રક્ષણ કરવું તથા રતિભોગ દ્વારા સંખ્યામાં વૃદ્ધિ કરવી–એથી વિશેષ આવશ્યકતા પશુને હોતી નથી. મનુષ્યજાતિમાં પણ તદ્દન અસંસ્કારી વર્ગની અભિલાષાઓ એ જ વર્તુલમાં (કુંડાળામાં) મર્યાદિત થયેલી હોય છે. જેમ જેમ આંતરિક વિકાસ થતો જાય છે, તેમ તેમ દૃષ્ટિ દેહમર્યાદાથી પર જાય છે. શરીરરક્ષક અને પોષક પદાર્થોની પ્રાપ્તિમાં સુખ ન મળવાથી માણસ માનસિક અને કાલ્પનિક સુખની શોધમાં પડે છે. આ ભાવના જો કે પહેલી ભાવના કરતાં ઉંચી છે, તોપણ તે કાયમ માટે તૃપ્તિદાયક નથી. એટલે પછી આગળ સાચું શું છે? નિત્ય તત્ત્વ શું છે? તેનું સ્વરૂપ કેવું છે? એ પ્રશ્નોનો વિચાર કરતાં કરતાં અંતે જ્ઞાન–પ્રભાકર(સૂર્ય)નો ઉદય થવા માંડે છે અને સ્વતંત્રતાના યથાર્થ સ્વરૂપનો ખ્યાલ સ્પષ્ટ થાય છે.

ઉત્કૃષ્ટ જીવનનું ધ્યેય આત્મસાક્ષાત્કાર છે. આત્મજ્ઞાન મેળવવું એ જ ધર્મનું લક્ષ્ય છે. સ્વસ્વરૂપની અનુભૂતિ કરવી, **પ્રકૃતિ ઉપર વિજય મેળવવો, એ જ ઉન્નત જીવનની અવધિ છે. કેવળ સાધુતા મેળવીને જ અટકી જવાનું નથી. વિશુદ્ધ જીવન અને નીતિમય**

વ્યવહાર—એટલામાં જ ધર્મની સમાપ્તિ થતી નથી. ધાર્મિક જીવનની એ છેલ્લી સીમા નથી. ઊર્ધ્વગામી જીવનનો એ મધ્ય મુકામ છે એ ખરું, પણ તે અંત નથી એ આપણે યાદ રાખવું જોઈએ. પરમ સત્યનો અને આચાર–વિચારનો જ્યાં સુધી વિયોગ રહેશે, ત્યાં સુધી વ્યક્તિનું કે સમાજનું કલ્યાણ થનાર નથી. પરમ સત્ય અનુસાર વિચાર અને તદનુસાર આચારમાંથી જ ભવ્ય કર્તવ્યપરાયણતા અને સ્વાર્પણ-બુદ્ધિ ઉદ્‌ભવે છે. તે સિદ્ધ ન થાય ત્યાં સુધી ભય, શંકા, દીનતા, કૃપણતા આપણા વ્યાવહારિક અને પારમાર્થિક એમ સર્વ પ્રકારના જીવનનું નિયંત્રણ કરે છે; અને સાચી ધાર્મિકતા આવતી નથી. સમષ્ટિભાવનાનું બુદ્ધિથી ગ્રહણ થાય, એકત્વનો અનુભવ થાય અને આચાર–વિચાર સર્વમાં સદા ય તેનો આવિષ્કાર (બહાર કાઢવું તે) થતો રહે, એ જ આત્મજ્ઞાનની કસોટી છે. સાદી સીધી સાધુતા પણ ઉન્નત જીવનની પરાકાષ્ઠા છે, એમ કહી શકાય નહિ; કારણ કે તેમાં પણ પ્રાકૃતિક બંધનમાંથી મુક્તિ નથી.

વસ્તુમાત્રના યથાર્થ સ્વરૂપનો વિચાર કરવામાં આવે, તો આ સમસ્ત જગત મૂળમાં એક જ વસ્તુરૂપ છે, એ નિશ્ચય બુદ્ધિમાં દૃઢ થયા વિના રહે નહિ. આપણે અને ઈશ્વર વાસ્તવિક દૃષ્ટિએ એક જ છીએ—એ વિચાર ઘણાને આશ્ચર્યજનક લાગે છે; અને તેઓ

તેને હાસ્યાસ્પદ ગણે છે. પરમાત્મા સર્વજ્ઞ છે–આપણે અલ્પજ્ઞ છીએ; પરમાત્મા સર્વ શક્તિમાન છે–આપણે શક્તિહીન છીએ; પરમાત્મા નિત્ય છે–આપણા સ્વરૂપમાં કાયમ પરિવર્તન થયા કરે છે; પરમાત્મા વિભુ છે–આપણે અણુ છીએ; માટે એકતાનો વિચાર કરવો એ મૂર્ખાઈ છે, એવો ઘણા લોકોનો મત છે; પણ તત્ત્વની દૃષ્ટિએ જોતાં આ યુક્તિમાં કાંઈ તથ્ય નથી. એક નિરાકાર–નિર્વિકાર તત્ત્વને સ્વીકારવામાં આવે, તો પછી તેમાં ભાગલા પડવાનો સંભવ નથી. તેમ થાય, તો તેમાં વિકાર ઉત્પન્ન થાય; તેથી આ ચરાચરમાં વાસ કરનાર ચૈતન્ય એક અને અવિભાજ્ય (વિભાગ ન પડે તેવું) જ છે અને આ સમગ્ર સંસાર પણ તેનું જ બાહ્ય સ્વરૂપ છે. સર્વ શક્તિઓ–સર્જનશક્તિ અને સંહારશક્તિ–પણ એક જ તત્ત્વના ભિન્ન ભિન્ન આવિર્ભાવો છે, એ જ ભાવના વાસ્તવિક છે; એટલુંજ નહિ, પણ યુક્તિયુક્ત પણ છે. આપણામાં માનસિક દુર્બળતા ઘણી હોય છે, તથા ક્ષુદ્ર પદાર્થો માટે મનમાં આસક્તિ એટલી દૃઢ હોય છે, કે ભગવાનના ઉગ્ર કાળરૂપ સ્વરૂપને જોઈને આપણે દૂર નાસી જઈએ છીએ અને ત્રાહિ-ત્રાહિ પોકારવા મંડી પડીએ છીએ. તેનું મૂળ કારણ એ છે, કે લીલા, માયા વગેરે શબ્દોનું ઉચ્ચારણ આપણે મુખ-થી કરીએ છીએ, પણ તેનો ખરો અર્થ મનમાં સ્થિર થતો નથી. ઘણે ભાગે આપણી ભક્તિમાં પણ પામરતા જ

ગુપ્ત રીતે રહેલી હોય છે. "ભગવાનની ભક્તિ કરીશું, તો આપણે સુખી થઈશું, દ્રવ્ય પ્રાપ્તિ થશે, શરીર સંકટમાંથી મુક્ત રહીશું, આપણાં બાળબચ્ચાં પણ સુખી રહેશે" એવા કંગાલ અને તુચ્છ વિચારોથી જ આપણે સામાન્ય રીતે ભક્તિમાં પ્રેરાઈએ છીએ અને ભગવાનની સાથે પણ છળ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. આવા પ્રયત્નોમાંથી આખરે તો નિરાશા જ ઉદ્ભવે છે. પ્રકૃતિનો ઉદ્દેશ પુરુષને મુક્ત કરવાનો છે. જ્યાં સુધી સંસારના દૃશ્ય પદાર્થોમાં અને શરીરમાં આસક્તિ રહેશે, ત્યાં સુધી દુઃખ અવશ્ય આવવાનું જ. આ સિદ્ધાંત તો અબાધિત છે. ઢોંગધતિંગથી અથવા બાહ્ય આડંબરથી ભગવાનને છેતરી શકાય તેમ નથી. આપણા જીવનમાં વિઘ્ન ઉત્પન્ન કરનારા તથા આપણી અનેક રીતે કસોટી કરનારા પ્રસંગો આવે, ત્યારે તેનાથી ભડકીને આઘે નાસી જવાનો પ્રયત્ન કરવો જોઈએ નહિ; પણ માયાને તૃણવત્ ગણી તેમનો પ્રતિકાર કરવો જોઈએ. અડગ નિશ્ચયથી પણ હિંમત અને ધૈર્યથી સ્વસ્થતાપૂર્વક આપત્તિઓ–સંકટોની સામે થયા વિના મુક્તિ મળી શકતી નથી. જીવનને ઉન્નત કરવામાં સતત યુદ્ધની અનિવાર્ય આવશ્યકતા છે. ખરું મનુષ્યત્વ વિરોધી અને અડચણકારક પ્રસંગોનો સામનો કરવામાં છે. વિકાસના પંથમાં આવા સંજોગો આવવાના જ.

૨ : અભેદાનુભવના માર્ગો

અભેદવાદનો સ્વીકાર એ જેમ વિચારમાત્રનું અંતિમ તાત્પર્ય છે, તેમ લૌકિક વ્યવહાર તથા નીતિમાં પણ તે જ સિદ્ધાંત શ્રેયસ્કર છે. અનાદિસિદ્ધ અભેદ વ્યવસ્થામાં સર્વ પ્રાણીઓ, સર્વ પદાર્થો, વ્યષ્ટિ અને સમષ્ટિ એવા પરસ્પર સંબંધથી ગૂંથાઈ ગયા છે, અભેદના એક સૂત્રથી ભેદમય મણિ એવી વિલક્ષણ યુક્તિથી પરોવાયેલાં છે, કે પ્રત્યેક પ્રાણીની હરેક ક્રિયા—માનસિક અને શારીરિક—આખી માળાને અસર કરે છે; અને એ માળાના સૂત્રમાં જે અદ્ભુત શક્તિ સંતાઈ રહેલી છે, તેની ઇચ્છાનુસાર જ મણિમાત્ર પોતપોતાનું યોગ્યસ્થાન પ્રાપ્ત કરી સ્વધર્માનુસાર વ્યવહાર કરે છે. વ્યષ્ટિની પ્રવૃત્તિનો સરવાળો આખી સમષ્ટિની પ્રવૃત્તિ છે; અને સમષ્ટિ જે અભેદમય છે, તેને જ સર્વ પ્રતીત થતી ભેદમય પ્રવૃત્તિ સાધે છે. એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુ પણ અભેદનું એક આવશ્યક અંગ છે. તેને તેનું સ્થાન તથા કર્તવ્ય અધિકાર અનુસાર પ્રાપ્ત થાય છે. અભેદનો સમુદ્ર પોતાની મર્યાદાનું કદી પણ ઉલ્લંઘન કરતો નથી; અને પ્રાણીમાત્રના ભિન્ન ભિન્ન વિચારો, વિકારો, કામનાઓ તેના અસ્ખલિત (અખંડ) પ્રવાહમાં પડીને આખરે તેના સ્વરૂપને જ પ્રાપ્ત થાય છે. સર્વની પ્રવૃત્તિ અભેદ તરફ જવા માટે નિર્માણ થયેલી છે અને વ્યષ્ટિઓ તો

નિમિત્તમાત્ર જ છે—એવો અભેદ જે ત્રિકાળસિદ્ધ છે, તેને બુદ્ધિથી જાણવો તે **પરોક્ષ જ્ઞાન** ને તેનો પ્રત્યક્ષાનુભવ તે **અપરોક્ષ જ્ઞાન.**

અભેદાનુભવ જેમ જ્ઞાનની પરાકાષ્ઠા છે, તેમ આનંદની પણ અવધિ છે. અભેદમાં જ નિઃસીમ અને નિત્યાનંદ છે. લૌકિક દૃષ્ટિએ પણ સુખ ક્યારે મળે છે? અભેદ થાય ત્યારે જ. જે જે વિષય આપણે ભોગવતા હોઈએ તેની સાથે તન્મયતા થાય, ત્યારે જ આનંદ ઉદ્ભવે છે. કોઈ પુસ્તક હાથમાં લઈને જ્યારે આપણને તેમાં એટલો રસ પડે છે, કે વાચ્ય વિષયની અને વાંચનારની એકતા થાય છે, ત્યારે જ તેનો પૂર્ણાનંદ અનુભવાય છે. આપણે કોઈ મંડળીમાં બેઠા હોઈએ અને સંગીત, નૃત્ય વગેરે થતું હોય, સ્થાનને સુગંધીદાર ને સુંદર પુષ્પોથી શણગાર્યું હોય, કેવળ મોજમઝા માટે જ ગોઠવણ કરવામાં આવી હોય, તોપણ તેમાં અમુક માણસોને આનંદ પડે છે ને અમુકને નથી પડતો. તેનું કારણ એટલું જ, કે તે બધો વિનોદ આનંદ નહિ લેનારને અપ્રાસંગિક લાગે છે; પરંતુ જેમનો અંતરાત્મા તે મંડળીના અંતરાત્માની સાથે અભેદ પામે છે, તેમને આનંદની સીમા રહેતી નથી. જ્ઞાનનું પણ આ પ્રમાણે જ છે. **અંતરવૃત્તિ પદાર્થમય થઈને જ્ઞાતા ચૈતન્યાત્માનો પદાર્થગત ચૈતન્ય સાથે અભેદ થાય, ત્યારે જ જ્ઞાન થાય છે.** તાદાત્મ્યસંબંધી (એકતાની) ન્યૂનાધિકતા-

થી જ જ્ઞાન અને આનંદમાં વત્તાઓછાપણું આવે છે. વ્યવહારમાં અને પરમાર્થમાં આ જ નિયમ લાગુ પડે છે. જે મનુષ્ય અહંતા, મમતાને વળગી રહીને પરિમિત "સ્વ" ને માટે ભોગો ભોગવે છે, તે સર્વથા બંધનમાં જ રહે છે ને ક્લેશ જ ભોગવે છે. આ કુદરતનો અચળ નિયમ છે. પિંડ–બ્રહ્માંડનું ઐક્ય સાધવાથી જ સુખ-દુઃખાદિ 'દ્વંદ્વોના બંધનમાંથી મુક્તિ મળે છે. સમષ્ટિની પ્રવૃત્તિમાં મર્યાદિત "સ્વ" નો લય કરવો, તેને જ વાસ્તવિક "યજ્ઞ" કહી શકાય.

પ્રાણીમાત્રમાં આ અભેદાનુભવની જિજ્ઞાસા ગુપ્ત અથવા વ્યક્તપણે રહેલી હોય છે; અને તેમની સર્વ ક્રિયા આ જ ઉદ્દેશની પ્રાપ્તિ માટે હોય છે. પરિચ્છિન્ન (મર્યાદિત) તન્મયતામાં ગમે તેટલો આનંદ લેવાનો પ્રયત્ન કરવામાં આવે, પણ જીવાત્માને તેમાં કાયમ માટે તૃપ્તિ મળતી જ નથી અને મળવાનો સંભવ પણ નથી. "હજી કાંઈક છે, હજી કાંઈક ખામી છે, કાંઈક સંપાદન કરવા યોગ્ય બાકી રહે છે, કાંઈક જાણવા યોગ્ય વસ્તુ જણાઈ નથી" એવો આંતરિક અસંતોષ એ અવસ્થામાં રહ્યા જ કરે છે, તેમ ભયનો પણ આવી સ્થિતિમાં સદંતર ત્યાગ થઈ શકતો નથી. વાસના અને ભય ભેદબુદ્ધિજન્ય વિકારો છે. આપણાથી અતિરિક્ત (અન્ય) કોઈ વસ્તુ છે, એવા જ્ઞાનથી "વાસના" અને "ભય" ની ઉત્પત્તિ થાય છે. અભેદ એકરસનો અનુ-

ભવ થયા પછી કોઈ અન્ય વસ્તુ નહિ હોવાથી સર્વ દ્વંદ્વો સમાઈ જાય છે. આ લોક અને પરલોકના ભોગોથી પરમાનંદની પ્રાપ્તિ થતી નથી. મનના ઊંડાણમાં નિર્વેદ રહ્યા જ કરે છે; તેથી જ સુપ્રખ્યાત જર્મન કવિ "ગેટી" પોતાના સુપ્રસિદ્ધ કાવ્ય "ફ્રૌસ્ટ" માં કહે છે, કે "હે ઇશ્વિર ! જો તેં મનુષ્યને તારા દૈવી પ્રકાશની ઝાંખી ન કરાવી હોત, તો તે બાપડો વધારે સુખી થયો હોત !"

મનુષ્ય પોતામાં રહેલી અભેદમયતાનો અનુભવ પ્રથમ સ્ત્રી, પતિ, પુત્ર, મિત્ર, સત્તા, ધર્મ, આ લોકના પદાર્થો–પરલોક વગેરેમાં કરી જુએ છે; પણ જ્યારે તેને પ્રત્યક્ષ પ્રમાણથી જ્ઞાન થાય છે કે જે નિત્ય જ્યોતિ પોતાના આત્મામાં પ્રકાશી રહ્યો છે તેનાં તે બધાં મિથ્યા અને પરિવર્તનશીલ પ્રતિબિંબો જ છે અને સ્વ-રૂપાનુસંધાન (આત્માનો અનુભવ) માટે સર્વ પ્રતિ-બિંબોનો મૂળ બિંબમાં, અર્થાત્ "સ્વ" માં, પોતાના આત્મામાં લય કરવાની આવશ્યકતા છે અને તેમ કરવાથી જ નિત્યાનંદનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે જ તે સ્વ–સ્વ-રૂપાનુભૂતિ (આત્માનો અનુભવ) માટે પ્રયત્ન કરે છે.

આ અભેદાનુભવની પાછળ દોડવાથી જે દૃષ્ટ સુખ છે તેનો ભોગ આપી અદૃષ્ટ સુખની આશા કરવાથી, શરીર અને મનને સંયમ કરીને નકામું કષ્ટ આપવાથી ને સંસારનો જે અનાદિ પ્રવાહ છે તેની વિરુદ્ધ જવાનો પ્રયત્ન કરવાથી શો લાભ છે, એવો સંશય હાલના

સમયમાં ઘણાને થાય છે અને તેમાં પણ ખાસ કરીને જેમણે આર્યસંસ્કૃતિની અવજ્ઞા (અવગણના) કરી આધુનિક દેહાત્મવાદી સંસ્કૃતિનું આધિપત્ય સ્વીકાર્યું છે, તેમને તો આ આદર્શ હાસ્યાસ્પદ લાગે છે. "ધર્મ"-ના નામથી જ તેમને સૂગ ચડે છે. તેમને મન વિષયાસક્ત જીવન જ—આહાર, નિદ્રા, રતિભોગ, સ્થૂળ, સૂક્ષ્મ પદાર્થોનો ભોગ, એ જ જીવન છે, અંતિમ ધ્યેય છે અને તેથી ઉચ્ચતર આશય બીજો હોઈ શકે જ નહિ. આ બન્ને પ્રશ્નોના યથાર્થ નિરાકરણ માટે જ "ધર્મ"ની પરમ આવશ્યકતા છે.

મનુષ્યપ્રકૃતિમાં દૈવી અને આસુરી શક્તિઓ વચ્ચે સતત યુદ્ધ ચાલ્યા જ કરે છે. એક તરફથી મનુષ્ય સાક્ષાત્ ઈશ્વર છે. સ્વાર્થત્યાગના ઉજ્જવલ દૃષ્ટાંતોથી તે આપણા જીવનને ઉચ્ચ બનાવે છે. બીજી તરફથી સામાન્ય રીતે નિરીક્ષણ કરતાં, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરમાં રચ્યાપચ્યા રહીને અધમ ક્લેશયુક્ત જિંદગી પસાર કરતા મનુષ્યોને પણ આપણે જોઈએ છીએ. આ ઉભય ભાવનાઓ અનાદિ કાળથી ચાલી આવે છે. જો દિવ્ય ભાવનાઓ આસુરી ભાવનાઓને કાબૂમાં રાખી શકે તો સુખની સીમા ન રહે, તે વાત ખરી છે; અને તેથી જ તેમ કરવામાં ઉત્તેજન આપવા માટે સર્વ ધર્મોની પ્રવૃત્તિ છે.

આર્યાવર્તની દૃષ્ટિ સમષ્ટિપ્રધાન છે. પરિમિત "સ્વ"-

નો ત્યાગ કરતાં ડગલે ને પગલે શીખવું, તે જ આપણી સંસ્કૃતિનું ધ્યેય છે. વ્યક્તિનું પારમાર્થિક અને વ્યાવહારિક સુખ કેવી રીતે મેળવાય, તે ઉપર જ આપણી મુખ્ય નજર છે. પાશ્ચાત્ય વ્યવસ્થા તેથી વિપરીત છે. તેમાં વ્યક્તિનું પ્રાધાન્ય છે. વ્યક્તિપ્રધાન નીતિનું બીજ "અહંતા"ની વૃદ્ધિ છે. સમષ્ટિપ્રધાન નીતિનું બીજ "અહંતા"નો ત્યાગ છે. ઐહિકવાદીઓ (આ લોકના કલ્યાણમાં જ માનનારા) અને પારમાર્થિકવાદીઓનાં દૃષ્ટિબિંદુઓમાં આ જ મુખ્ય ફરક છે. સર્વને સ્વરૂપાનુસંધાન કરાવી અખંડ, એકરસ આનંદની પ્રાપ્તિ કરાવવી એ જ અભેદવાદનું મુખ્ય કર્તવ્ય છે.

આ અભેદાનુભવ, આત્મસાક્ષાત્કાર, સ્વસ્વરૂપાનુસંધાન મનુષ્ય ભિન્ન ભિન્ન માર્ગોનું અવલંબન કરતાં છતાં પણ સર્વનું પ્રાપ્તવ્ય (છેવટનું સ્થાન) છે. **સામાન્યતઃ મનુષ્યપ્રકૃતિના ચાર મુખ્ય વિભાગ પાડી શકાયઃ–બુદ્ધિપ્રધાન, લાગણીપ્રધાન, ક્રિયાપ્રધાન, ધ્યાનપ્રધાન. આ ચારેય પ્રકારની પ્રકૃતિના મનુષ્યો માટે ચાર પ્રકારના માર્ગો નિશ્ચિત કરેલા છે. જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ અને રાજયોગ. યોગ એટલે જીવાત્મા ને પરમાત્માનું અનુસંધાન; અને તેને પ્રાપ્ત કરવાની સાધનપદ્ધતિને પણ "યોગ" નામથી જ સંબોધન કરવામાં આવે છે.** આપણે હમેશ ધ્યાનમાં રાખવાની

આવશ્યકતા છે, કે આ ભિન્ન ભિન્ન માર્ગોનો પરસ્પર ગાઢો સંબંધ છે. વિલક્ષણતા કરતાં તેમનામાં સમાનતા વધારે છે. આ માર્ગોમાં જેટલી પૃથક્તા દેખાય છે, તેટલી પ્રત્યક્ષ આચારમાં હોતી નથી. તેમને નોખા નોખા ડાબલામાં ગોઠવી શકાય તેમ નથી. જ્ઞાનયોગીઓ ભક્તિનો ને કર્મનો સદંતર ત્યાગ કરે છે એવો કાંઈ નિયમ નથી. પ્રત્યેક માર્ગમાં ઇતર માર્ગનાં તત્ત્વો અંતર્ભૂત હોય છે. ફક્ત સાધનની વિશેષતાથી જ આપણે માર્ગનો નિર્ણય કરી શકીએ છીએ. આગળ જતાં બધા માર્ગો એક બીજાની સામીપ્યમાં અધિક ને અધિક આવતા જાય છે અને છેવટે એકરૂપ થઈ જાય છે; તેવી રીતે જગતના સર્વ ધર્મ, સંપ્રદાય ને પંથોનું પર્યવસાન (અંત) પણ છેવટે એક જ લક્ષ્યમાં થાય છે, જેને આપણે **અભેદાનુભવ** અથવા **મુક્તિ** એવું નામ આપીએ છીએ. મુક્ત મનુષ્ય અમુક નામ અને આકારવાળો મટીને વિશ્વવ્યાપી બની જાય છે. દેહાધ્યાસ ત્યજીને અનંત થવું એ છેવટની પાયરી છે–પછી ગમે તે માર્ગે તે સિદ્ધ કરવામાં આવે. દેહાત્મવાદીઓ અને ધર્માવલંબનીઓની નીતિમાં તફાવત એટલો જ છે, કે દેહાત્મવાદીઓમાં પોતાની વિવેકબુદ્ધિને છેવટ સુધી લઈ જવાની શક્તિ હોતી નથી. વિચારને અંતિમ સાધ્ય સુધી લઈ જતાં અને તે પ્રમાણે અમલ કરતાં તેઓ ગભરાઈ જાય છે; કારણ કે

જડવાદને પરિણામે એક ક્ષુદ્ર સાડાત્રણ હાથના અન્નમય કોશની તેમને મન અનહદ કિંમત હોય છે અને તેનું રક્ષણ અને પોષણ કરવામાં જ મનુષ્યજીવનની સાર્થકતા છે એમ તેઓ માને છે.

આપણે આગળ જોઈ ગયા, કે આ ચાર માર્ગોનું વર્ગીકરણ આપણે સ્વભાવની પ્રધાનતા ઉપરથી જ કરીએ છીએ. જ્ઞાનીમાં પણ અપરોક્ષાનુભૂતિ (આત્માનો અનુભવ) થતાં સુધી શાંત ભક્તિ હોવી જ જોઈએ, તેમ તેનાથી પણ શારીરિક કર્મ છોડાતું નથી. માનસિક કર્મો પણ જ્ઞાની કરે છે. જ્ઞાનનો પ્રચાર તે પણ કર્મ છે. પુસ્તકો લખવાં તે પણ કર્મ છે. પ્રવચનો કરવાં તે પણ કર્મ છે, પણ સાધારણ રીતે જે મનુષ્ય અધ્યયન, મનન, નિદિધ્યાસનમાં વધારે વખત ગાળે અને વિચારપ્રધાન સાહિત્ય દ્વારા પોતાના જ્ઞાનનો પ્રચાર કરે, તેને આપણે **જ્ઞાનમાર્ગી** કહીએ છીએ; કારણ કે જ્ઞાનયોગી બુદ્ધિપ્રધાન હોય છે.

ભક્તિમાર્ગી ભાવનાપ્રધાન હોય છે. **જ્ઞાની** વિચાર દ્વારા અધિષ્ઠાન(મુખ્ય સત્તા)માં પ્રવેશ કરે છે, તેમ ભક્ત પ્રેમ દ્વારા ઈશ્વરને પ્રાપ્ત કરે છે અને પદ્યાત્મક સાહિત્ય, કળા, સંગીત વગેરે દ્વારા પોતાના અનુભવોનો પ્રાદુર્ભાવ કરે છે. **રાજયોગી** પણ ધ્યાન દ્વારા સમાધિ પ્રાપ્ત કરીને જ્ઞાનનો પ્રચાર કરે છે; તેથી કર્મનો સંપૂર્ણ ત્યાગ તો એકેય યોગમાં નથી.

વળી, કર્મયોગમાં પણ થોડો સમય ધ્યાન, ઉપાસના, નિદિધ્યાસનમાં ગાળવો પડે છે, અને તેની આવશ્યકતા પણ છે; તેથી તે યોગ પણ કેવળ પ્રવૃત્તિપરાયણ નથી, તોપણ જ્ઞાન, ભક્તિ અને રાજયોગ એકંદરે નિવૃત્તિ-પરાયણ છે અને તેમાં ચિત્તવૃત્તિઓ અંતર્મુખ કરવાની વિશેષ જરૂર છે; જ્યારે કર્મયોગ પ્રવૃત્તિપરાયણ છે અને તેમાં ચિત્તવૃત્તિઓ બહિર્મુખ રહે છે એમ કહેવામાં કાંઈ પણ અતિશયોક્તિ નથી. આમ હોવાથી જ **સામાન્યતઃ નિવૃત્ત અને પ્રવૃત્ત એમ યોગમાર્ગના બે જ મુખ્ય વિભાગો કરવામાં આવે છે.** 'ભગવદ્-ગીતા'માં બે જ પ્રકારની નિષ્ઠા બતાવવામાં આવી છેઃ **સાંખ્ય** અને **યોગ**. તેમાં સર્વ માર્ગોને અંતર્ગત કરવામાં આવ્યા છે. પાશ્ચાત્ય તત્ત્વચિંતકો પણ મનુષ્યમાત્રને બે મુખ્ય વિભાગોમાં વહેંચી નાખે છેઃ– ઇન્ટ્રોવર્ટ્સ અને એક્સ્ટ્રોવર્ટ્સ (અંતર્મુખી ને બહિર્મુખી). આ બન્નેને માટે પ્રગતિના જુદા જુદા માર્ગો બતાવવામાં આવ્યા છે. ગીતામાં સ્પષ્ટ નિવેદન કરેલું છે, કે સાંખ્ય ને યોગને પૃથક્ પૃથક્ જાણનારા માણસો બાળકો સમાન છે. બન્નેમાંથી ગમે તે માર્ગે મનુષ્ય આત્મ-સાક્ષાત્કારના ધ્યેય તરફ જઈ શકે છે.

આ સ્થળે એટલું કહેવું ઉચિત છે, કે બીજાનાં દુઃખ દૂર કરવા માટે શારીરિક સહાય કરવી, અન્ન-વસ્ત્ર આપવાં, તબીબી મદદ આપવી તે સારું છે,

મહત્તાનું લક્ષણ છે; પણ સહાય જેમ વધારે સ્થાયી હોય, તેમ વધારે ઉચ્ચ ગણાય એ તો નિઃશંક જ છે. મનુષ્યનાં સર્વ પ્રકારનાં માનસિક અને શારીરિક દુઃખોને જડમૂળમાંથી નષ્ટ કરી તેને પરમાનંદની પ્રાપ્તિ કરાવવા માટે તો એક અધ્યાત્મ વિદ્યા જ સાધન છે. સહાય કાં તો શારીરિક હોય, કાં તો માનસિક. માનસિક સહાય જ્ઞાનદાન દ્વારા આપી શકાય. જ્ઞાન પણ બે પ્રકારનું છેઃ લૌકિક ને પારમાર્થિક. સ્થૂળ શરીરરક્ષકને પોષક મદદ સારી ગણાય; પણ વ્યાવહારિક જ્ઞાન આપીને મનુષ્યને સ્વાશ્રયી બનાવી પોતાના પગ ઉપર ઊભા રહેવાની શક્તિ આપવી તે ઉચ્ચતર પ્રકારની સહાય ગણાય; ને આધ્યાત્મિક જ્ઞાન–પરાવિદ્યાનું દાન આપીને તેને નિર્ભય બનાવવો તે ઉચ્ચતમ પ્રકારની સહાય છે. હાલના જમાનામાં ધાર્મિક પ્રચારની વિરુદ્ધ સખત ટીકા કરવામાં આવે છે; અને બધાંને એમ કહેવામાં આવે છે, કે બધાએ એક જ પ્રકારની પ્રવૃત્તિ–જેથી બાહ્ય જીવનમાં સુધારો થાય એવી જ પ્રવૃત્તિ–કરવી. આ આક્ષેપો મનુષ્યની ઉન્નતિનાં મૂળ કારણો વિષે ખેદજનક અજ્ઞાન બતાવે છે. સર્વ સામાજિક, રાજકીય, આર્થિક પ્રગતિનો આધાર સ્વાર્થત્યાગ ઉપર જ છે; ને ધર્મ સિવાય–આત્મસાક્ષાત્કારના ધ્યેય સિવાય આ નૈતિક તત્ત્વનું સચોટ કારણ આપી શકાય તેમ નથી. જે મનુષ્ય અન્યને અધ્યાત્મજ્ઞાન આપે છે (પોતાના

વિચાર ને આચાર દ્વારા), તે જ મનુષ્ય સર્વ પ્રાણીનો ખરો હિતચિંતક છે. બીજી બધી સેવા આની અપેક્ષાએ (સરખામણીમાં) ઊતરતી કોટિની છે. માનવ-જીવનમાં આવશ્યક બળનો આધાર ચિતૃશક્તિ ઉપર છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં નિપુણ માણસ ગમે તે ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરી શકે છે; કારણ કે પારમાર્થિક કે વ્યાવહારિક કાર્યમાં કુશળતા માટે અનુપમ મનોબળ અને અડગ નિશ્ચયની પરમ આવશ્યકતા છે.

સંસારનાં વિધવિધ દુઃખોનું નિવારણ કેવળ શારીરિક સેવાથી થતું નથી. મનુષ્યનું ચિત્ત પ્રથમ બદલાવું જોઈએ. વૃત્તિઓ શુદ્ધ ને વિશાળ થવી જોઈએ. સાત્ત્વિક અવસ્થા પ્રાપ્ત કરવી જોઈએ. આંતરશુદ્ધિ થયા વગર કેવળ બાહ્ય સંજોગોમાં ફેરફાર કરવાથી કાંઈ ચિરસ્થાયી પરિણામ આવતું નથી. યથાર્થ જ્ઞાનથી મનુષ્યને પોતાની ચૈતન્ય શક્તિની ઓળખાણ થશે અને તેમાં નિષ્ઠા (સ્થિતિ) બંધાશે, ત્યારે જ માનવજાતિ પૂર્ણ રીતે સુખી થશે તેમ જ આ લોક અને પરલોક બન્નેને અલિપ્ત રહી ભોગવવાનું સામર્થ્ય પ્રાપ્ત કરશે. સંસાર-માં ઘેર ઘેર આપણે સદાવ્રત ઉઘાડીએ ને ગામેગામ દવાખાનાં ખોલીએ તેથી મનુષ્યનાં દુઃખની નિવૃત્તિ થઈ શકે એવી માન્યતા માત્ર ભ્રમણા જ છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી વાસ્તવિક રીતે નિવૃત્તિપરાયણ જીવાત્માઓ, જેઓ પોતાનું જીવન સુધારી દૃષ્ટાંતથી

અને ઉપદેશથી બીજા મનુષ્યોને ઈશ્વરાભિમુખ થવાનો રસ્તો બતાવે છે, તેઓ સમાજની સર્વોત્કૃષ્ટ પ્રકારની સેવા કરે છે, એવું નિષ્પક્ષપાતી ને વિચારશીલ મનુષ્યોને કબૂલ કર્યા વગર છૂટકો નથી.

જ્યાં સુધી સમતા પ્રાપ્ત કરી ન હોય ત્યાં સુધી સર્વ મનુષ્યોનું ચિત્ત સાધારણ રીતે સુખ, દુઃખ અને ઉદાસીનતાની વચ્ચે ઘડિયાળના લોલકની માફક ઝૂલ્યા જ કરે છે; અને આ નિયમમાંથી રાજા કે રંક, હિંદુ કે મુસ્લિમ, ખ્રિસ્તી કે બૌદ્ધ, કાળી ચામડીવાળો કે સફેદ ચામડીવાળો કે પીળી ચામડીવાળો કોઈ પણ જીવાત્મા મુક્ત નથી. સુખદુઃખનું માપ બાહ્ય સંજોગો ઉપરથી અંકાતું નથી. તેનો આધાર માનસિક સ્થિતિ ઉપર છે. આંતરિક દૃષ્ટિએ ધનાઢ્ય દરિદ્રી ને દુઃખી હોય; જ્યારે ગરીબ માણસ કે જેની પાસે સ્થૂળ પદાર્થોનો અભાવ હોય છે તે સુખી અને સંતોષી હોય. આનો અર્થ એવો નથી, કે બાહ્યસ્થિતિ સુધારવાને પ્રયત્ન ન કરવો અથવા તેને ક્ષુદ્ર ને સંકુચિત રાખવી. પ્રત્યેક ઉન્નતિના કાર્યમાં આંતર અને બાહ્ય બન્ને રીતે સુધારાની આવશ્યકતા છે. આંતરિક કારણ છે ને બાહ્ય ફળ છે. અંતરના પરિવર્તન વગર બાહ્ય સુધારો મિથ્યાચાર છે. તે લાંબો સમય ટકી શકતો નથી. સાહિત્યકારો, કલાવિદો, ધર્મોપદેશકો પ્રધાનપણે સમાજના માનસિક જીવનનો વિકાસ કરે છે; તેમ જ રાજકીય અને આર્થિક ક્ષેત્રમાં કાર્ય કરનારાઓ બાહ્ય

જીવનને સ્પર્શ કરે છે. સમાજના સર્વાંગી વિકાસ માટે બન્નેની આવશ્યકતા છે અને બન્ને વચ્ચે પૂર્ણ સહકાર હોય એ ખાસ ઇચ્છવા યોગ્ય છે.

આપણે ચાર પ્રકારના યોગમાર્ગો બતાવ્યા; તેમાં કયા સદ્‌ગુણોની સમાન રીતે આવશ્યકતા છે, તે વિષે સંક્ષિપ્તમાં વિચાર કરવો જરૂરી છે. જ્ઞાનયોગમાં વિવેક, વૈરાગ્ય, શમ, દમ, ઉપરતિ (કામનામાત્રનો અભાવ), તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન, મુમુક્ષુત્વ (મોક્ષની તીવ્ર ઇચ્છા), શ્રવણ, મનન, નિદિધ્યાસન (લક્ષ્ય તરફ ચિત્તનો સતત પ્રવાહ) ઉપર ભાર મૂકવામાં આવે છે. તેમાં સાધન ચતુષ્ટયને (વિવેકથી મુમુક્ષુત્વ સુધી) બહિરંગ સાધન કહેવામાં આવે છે. ભક્તિમાર્ગમાં શ્રવણ, કીર્તન, નામસ્મરણ, વંદન, અર્ચન, પાદસેવન, આત્મનિવેદન ઉપર જોર દેવામાં આવે છે. ભગવાનનાં નામ, રૂપ, ગુણ, કર્મ અને જન્મ સંબંધની અખંડાકાર સ્મૃતિ રહેવાથી ભક્ત સર્વ દોષથી રહિત થાય છે. **પ્રેમના પણ મુખ્ય પાંચ પ્રકાર છેઃ–શાંત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને માધુર્ય.** શાંત ભાવ જ્ઞાની ભક્તનો હોય છે. દાસ્યભાવ ભગવાન મોટા અને હું નાનો– એવા પાયા ઉપર બંધાયેલો હોય છે; સખ્યભાવ મૈત્રી ઉપર બંધાયેલો છે; વાત્સલ્ય પિતા–પુત્ર અથવા માતા–પુત્ર સંબંધ ઉપર બંધાયેલું હોય છે; અને માધુર્ય ભાવનો પાયો પતિ–પત્ની અથવા આશક–માશૂકનો

પરસ્પર સંબંધ છે. **ભગવાનને નવ રસના આલંબન રૂપે લઈ જે પોતાના અંતઃકરણને ભગવાનના ચરણમાં સ્થાપે, તે ભક્ત; અને તેના ચિત્તમાં શ્રવણાદિજન્ય જે આનંદનો ચમત્કાર અભિવ્યક્ત (સ્પષ્ટ) થાય, તે ભક્તિરસ.**

રાજયોગમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર (મનને અંતર્મુખ કરવાની ક્રિયા), ધારણા, (મનને એક પદાર્થમાં સ્થાપિત કરવું તે) ધ્યાન અને સમાધિ આવશ્યક અંગો છે. કર્મયોગમાં સાક્ષીભાવ, કર્મમાં એકાગ્રતા, સમત્વ, લોકસંગ્રહાર્થ પ્રવૃત્તિ, આસક્તિનો સદંતર ત્યાગ, ફળાભિસંધિનો ત્યાગ એટલા સદ્ગુણોની જરૂરિયાત છે.

આ બધાંનો નિષ્કર્ષ (સાર) કાઢીએ તો આપણને સ્પષ્ટ રીતે જણાઈ આવે છે, કે ગમે તે માર્ગમાં **અભ્યાસ ને વૈરાગ્ય** (અથવા આ વિચાર બીજી રીતે જણાવીએ, તો પ્રત્યેક યોગમાં ચિત્તશુદ્ધિ, ચિત્તવિશાળતા, ચિત્તસ્થિરતા ને આખરે ચિત્તપરતા) અનિવાર્ય છે. આ સિવાય ચિત્તના દોષો મળ (મલિનતા), વિક્ષેપ (ચંચળતા) ને આવરણ વગેરે દૂર થઈ શકતા નથી. લોકૈષણા, વિત્તૈષણા, પુત્રૈષણાનો સમૂળગો ત્યાગ થવો જોઈએ. સ્થૂળ, સૂક્ષ્મ વિષયો તરફ વૃત્તિઓનું આકર્ષણ બંધ થવું જોઈએ. નાશવંત, નામરૂપાત્મક, દૃશ્ય પદાર્થોમાં આસક્તિ દૂર થવી જોઈએ. અહંકારરૂપે આપણા

જીવનમાં અજ્ઞાન પ્રકટે છે, તેનો નાશ કરવો જોઈએ, જીવનનો નહિ. કામનારૂપે પ્રાણમાં જે અજ્ઞાન દેખાય છે, તેને જડમૂળથી દૂર કરવું. પ્રાણશક્તિનો મૂળ ધર્મ એ છે, કે ઇચ્છા અને કામનાઓ ઉત્પન્ન કર્યા સિવાય સર્વ પદાર્થમાંથી રસ ગ્રહણ કરી તેનો ઉપભોગ કરવો. સર્વ પદાર્થ, પ્રાણી અને વસ્તુમાં પ્રભુનો આનંદરસ વહે છે, તે રસનો જ ભોગ કરવા તરફ નજર કરવી જોઇએ. ઇચ્છાઓ અને લાગણીઓના રૂપમાં આપણા હૃદયનું અજ્ઞાન પ્રગટે છે, તેને દૂર કરવું. એકમાર્ગીયતા-રૂપે જે બુદ્ધિની અશુદ્ધિ આપણામાં જણાય છે, તેને ફેંકી દેવી. વ્યષ્ટિમાત્ર સમષ્ટિના એક એક ભાગરૂપ હોઈ પોતાના વિચારથી પણ સમષ્ટિ ઉપર અસર કરે છે, એમ જાણી વિશ્વનો જે પરસ્પર અનુકૂલરૂપ અખંડ વ્યાપાર છે, તેમાં મળી જઈ તેમાં વિક્ષેપ થાય તેવું કર્મ કદી ન કરવું. સર્વત્ર આત્મભાવથી જ નિહાળવું. સર્વનું સર્વ રીતે સદા કલ્યાણ થાય તેવો વિચાર અને આચાર રાખવો. માત્ર પોતાનું અથવા પોતાનાં માની લીધેલાં ચાર–પાંચ પંચભૂતાત્મક પૂતળાંઓનું જ હિત કરવા તરફ દૃષ્ટિ રાખવી નહિ. વ્યવહાર એવો હોવો જોઈએ, કે "પોતે તે જ અન્ય છે, અને અન્ય છે તે જ પોતે છે". એ સનાતન સત્યને જ પોષવું જોઈએ.

સર્વે આત્માનાં સ્વરૂપો છે, એવી ભાવના મનમાં દૃઢ કરવી અને તે પ્રમાણે વર્તન કરવું, એનું નામ જ

ચિત્તશુદ્ધિ કે ચિત્તવિશાળતા છે. સર્વત્ર પ્રેમનો જ વિસ્તાર, સર્વ તરફ મૈત્રી અને અનુકંપામાં વિલીનતા.

કામમાત્રને અશેષ કાઢી નાખી વિચારની પરમ શુદ્ધિ મેળવવી જોઈએ. વિચારશુદ્ધિ પ્રથમ છે. આચાર-શુદ્ધિ એની મેળે જ વિચાર અને સંકલ્પ બળ દૃઢ થતાં કાર્યરૂપે આવી રહે છે. પ્રથમ વિચાર પછી આચાર, એ જ સૃષ્ટિનો અચળ નિયમ છે. સ્થૂળનું કારણ હમેશ સૂક્ષ્મ હોય છે. સ્વપ્ને પણ ભેદભાવનાજન્ય કામ, ક્રોધ, રાગદ્વેષના વિચારો ન આવે એવી સ્થિતિ પ્રાપ્ત કરવી. શરૂઆતમાં પરાજયથી નાહિંમત થવાની જરૂર નથી. આધ્યાત્મિક ઉન્નતિનો આધાર મનોબળ ઉપર છે. પોતે જ પોતાનો ઉદ્ધાર કરવાનો છે. સ્વાશ્રયી થવાની અનિવાર્ય આવશ્યકતા છે. પ્રાથમિક અવસ્થામાં સત્સંગની, શાસ્ત્રાધ્યયનની અપેક્ષા છે ખરી; પણ અમુક અધિકાર મેળવ્યા પછી પોતે જ પોતાનો શત્રુ ને મિત્ર છે એમ જાણી અહર્નિશ પોતાના પગ ઉપર ઊભા રહેવાની આદતને કેળવવી. કૃપા માત્ર કાંઈ કરી શકતી નથી. પુરુષાર્થની તો શરૂઆતથી જ અગત્ય છે. અધિકાર વગર અનુગ્રહની આશા રાખવી તે ફોકટ ફાંફાં છે. શ્રી 'યોગવાસિષ્ઠ'માં તેથી જ કહ્યું છે, કે "હે રામ! શિષ્યની વિશુદ્ધ બુદ્ધિ એ જ જ્ઞાનનું કારણ છે."

ચિત્તશુદ્ધિની સાથે એકાગ્રતાની પણ જરૂર છે. બહિર્મુખવૃત્તિ ન હોય, ત્યારે નિર્ગુણ–સગુણ ઉપા-

સનામાં ચિત્તને લગાડવું; અને જ્યારે ચિત્ત કામમાં લગાડેલું હોય તે વખતે જે કામ કરતા હોઈએ, તેમાં તન્મય બનાવી દેવું જોઈએ. કામ નજીવું હોય કે અગત્યનું હોય તેનો સવાલ જ નથી. મુખ્ય પ્રશ્ન તો ચિત્ત ને કેળવવાનો છે. જેમ જેમ શાંતિનું સામ્રાજ્ય સ્થપાતું જાય છે, તેમ તેમ સર્વવ્યાપી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. તેની ત્રણ ભૂમિકાઓ છે. પ્રથમ આલોચન, પછી દર્શન અને છેવટે એકતા—અદ્વૈતનો સાક્ષાત્કાર. શાસ્ત્રોમાં અભ્યાસ અને વૈરાગ્ય બન્નેની આવશ્યકતા ઉપર ભાર મૂકેલો છે, તેનું કારણ આ જ છે.

ચિત્તપરતા—અહંતાનો ત્યાગ અંતિમ ધ્યેય છે. અભ્યાસ અને વૈરાગ્યનો જેમ જેમ વિકાસ થતો જાય છે અને દૃઢ થતો જાય છે, તેમ તેમ શરીરથી આપણે ભિન્ન છીએ એ અનુભવ થવા માંડે છે; તેમાં કાયમ રહેવાની કોશિશ કરવાથી નિષ્ઠા બંધાવા માંડે છે. સતત એ જ્ઞાન રહે, કે "**હું નિરાકાર-નિર્વિકાર આત્મા છું. દેહ** કે **મન** નથી, એ જ જ્ઞાન. સમાધિમાં આ અનુભવ થાય તે બસ નથી. જાગ્રત કે સમાધિમાં, નિષ્ક્રિય કે ક્રિયાત્મક અવસ્થામાં બ્રાહ્મી સ્થિતિમાં જ રહેવું જોઈએ. સ્થૂળ અને સૂક્ષ્મ કરણો શુદ્ધ થયા પછી અહંતાનો ત્યાગ સરળ અને સ્વાભાવિક થાય છે. પવિત્ર વ્યક્તિના મનમાં અનંતની પવિત્રતા અને શાંતિ, નિર્મળ સરોવરમાં આકાશના પ્રતિબિંબની પેઠે

બરોબર નજરે પડે છે. ત્યારપછી બિંબ અને પ્રતિબિંબનું મિલન, અંતરના અહંકારના પડદાનું ઉલ્લંઘન કરી પ્રાપ્ત કરવાનું સુગમ થઈ પડે છે. પરિપૂર્ણ શુદ્ધિ ન થઈ હોય ત્યાં સુધી સાક્ષાત્કારમાંથી પાછો જીવાત્મા શરીરના બંધનમાં આવી પડે છે. વિરાટ ચૈતન્ય લુપ્ત થઈ જાય છે. જીવાત્મા અને પરમાત્મા વચ્ચે વાદળાંઓ આવી જાય છે, પણ આવા અનુભવોનું દબાણ તથા સ્મૃતિ કાયમ રહ્યા કરે છે. વળી સતત પ્રયત્નથી સ્વેચ્છાએ તે મેળવવાની અને તેમાં સ્થાયી રહેવાની શક્તિ પ્રાપ્ત થાય છે; તેથી જ શ્રી 'ગીતાજી'માં પ્રતિપાદન કરેલું છે, કે **જે કર્મમાં અકર્મ ને અકર્મમાં કર્મ અનુભવે છે, તે જ જ્ઞાની છે.**

૩ : કર્મમાર્ગ

આત્મસાક્ષાત્કારની દિવ્ય સ્થિતિ આપણે કર્મ દ્વારા કેવી રીતે પ્રાપ્ત કરવી તે વિષે સંક્ષિપ્તમાં વિચાર કરીએ. જ્ઞાન, ભક્તિ, રાજયોગમાં ચિત્તવૃત્તિઓ એકંદરે વિચારમાં, ધ્યાનમાં, આત્મચિંતનમાં, ઈશ્વરસ્મરણમાં અંતઃસ્થ રહે છે. કર્મમાર્ગમાં મુખ્યત્વે કરીને વૃત્તિ બહિર્મુખ રહે છે. કર્મમાર્ગ આચારપ્રધાન છે, અન્ય માર્ગો વિચારપ્રધાન છે, એ જ તેની વિલક્ષણતા છે. કર્મનો ત્યાગ કર્યા વગર

કર્તૃત્વભાવનાની પર કેવી રીતે જવું, અહંતાનો ત્યાગ કેવી રીતે કરવો તથા વૈરાગ્ય કેવી રીતે સંપાદન કરવો, એ આપણને કર્મમાર્ગ શીખવે છે. કર્મમાર્ગીઓનું કાર્યક્ષેત્ર વ્યાવહારિક અને બાહ્યજીવનસ્પર્શી હોય છે. રાજ્યશાસન, વ્યાપાર વગેરે અને અન્યમાર્ગીઓનું કર્મ સાહિત્ય–કલા જેવા સૂક્ષ્મ ક્ષેત્રો દ્વારા થાય છે.

આત્મા નિરવયવ, અદ્વિતીય, સૂક્ષ્મ, જ્ઞાતા, સાક્ષી, સત્, ચિત્, આનંદસ્વરૂપ છે. તે નિત્ય, સદ્રૂપ, નિર્વિકાર, નિર્દોષ, આભાસ રહિત, સર્વ કલાઓ રહિત, વ્યાપક, અમર, નિર્મળ, નિશ્ચળ છે; સર્વનો નિયામક છે, સર્વની અંદર છે. આ અપરિચ્છિન્ન આત્મામાંથી સર્વ ભૂતો ઉત્પન્ન થાય છે, તેમાં જ તેમની સ્થિતિ છે અને તેમાં જ તેમનો લય છે. વ્યષ્ટિ–સમષ્ટિનાં સ્થૂળ, સૂક્ષ્મ કારણશરીરો આત્માનાં કરણો છે. આત્મા તેમનાથી ભિન્ન છે. શરીરો ચળ, દૃશ્ય, વિકારી, અવ્યાપક, અસદ્રૂપ, પરપ્રકાશ્ય છે. તેઓ નિયમ્ય અને બાહ્ય છે. આત્મા મુક્ત છે, તેથી અકર્તા છે. શરીરો પરિવર્તનશીલ છે. જગતની પ્રત્યેક વસ્તુ પણ અસ્થિર તેમ જ વિકારી છે. વૃત્તિઓ દ્વારા જ આપણને બાહ્યાંતર જગતનું જ્ઞાન થાય છે; તેથી આપણી **વૃત્તિઓ એ જ સંસાર એમ કહેવામાં આવે છે.** આટલા વિવેચનથી આપણે સહજ જાણી શકીએ, કે જ્યાં સુધી મન ને શરીર છે, ત્યાં સુધી કર્મ તો રહેવાનું જ.

ઉપલક દૃષ્ટિએ પ્રતીત થતું અકર્મ પણ કર્મ જ છે. એમ શ્રી ‘ગીતાજી’માં પણ સ્પષ્ટ કહેલું છે. આત્મા અચળ છે; તે અલિપ્ત છે તેથી મુક્તિ માટે શરીરના કે મનના કર્મના ત્યાગની આવશ્યકતા નથી, પણ **દેહાધ્યાસના** ત્યાગની આવશ્યકતા છે. આત્મા અને શરીરના ધર્મો પરસ્પર વિલક્ષણ હોવા છતાં પણ અજ્ઞાનથી આત્મા દેહની સાથે તાદાત્મ્યસંબંધ બાંધી લે છે; અને તેમાંથી કર્તૃત્વભાવના, ભોક્તૃત્વભાવના ઉત્પન્ન થાય છે. પ્રકાશથી જેમ અંધકાર દૂર થાય છે, તેમ આત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનથી આ સમસ્ત નામ-રૂપાત્મક પ્રવાહ તેમાં નિઃશેષ લીન થાય છે. “હું આ કરીશ–ભોગવીશ” આવા અવિદ્યાજન્ય–જીવ-ભાવજન્ય સંકલ્પો વિરામ પામે છે. દેહની સાથે એકતાનો સંબંધ બાંધવાથી જ પદાર્થોમાં મમતા ઉત્પન્ન થાય છે. સર્વ ક્લેશોનું મૂળ કારણ દેહમાં “અહંતા” જ છે, એ તો સ્પષ્ટ છે. મનના અને શરીરના અસ્તિત્વથી **આત્માને** બંધન થતું નથી. કર્મમાર્ગ-માં સર્વ પ્રવૃત્તિ કાયમ રહે અને દેહાધ્યાસ કેવી રીતે છૂટે તેનો વિચાર કરવાનો છે. જેમનું સંકલ્પબળ અમિત (બેહદ) છે, તેઓ તો દૃઢ નિશ્ચયથી જ એક ક્ષણ-માં આ વિપરીત ભાવનાનો ત્યાગ કરી શકે છે; પણ આવું અમાપ મનોબળ આપણને કોઈક વિરલ વ્યક્તિમાં જ પ્રતીત થાય છે; અને તે તેમના જન્મજન્માંતરના

જૂના સંસ્કારોનું પરિણામ છે. સમગ્ર વિશ્વમાં જે આપણને સ્થૂળ કાર્યરૂપે દેખાય છે, તે સર્વ મનુષ્યોના મનમાં ઉદ્ભવેલા વિચારોનાં જ વ્યક્ત સ્વરૂપો છે. સંકલ્પશકિત મનુષ્યમાત્રમાં નૈસર્ગિક છે; પણ તેનો વિકાસ તેના કર્મ ઉપર છે. કર્મ પ્રમાણે સ્વભાવ ઘડાય છે અને સ્વભાવાનુસાર સંકલ્પ-શકિત દૃઢ યા અદૃઢ, ઊર્ધ્વગામી યા અધોગામી હોય છે. સંસારમાં જે મહાન, પ્રચંડ શકિતશાળી મનુષ્યો થયા છે, તેમણે તે શકિત અનેક જન્મના સતત પ્રયત્નથી જ સંપાદન કરેલી હોય છે. સમર્થ પુણ્યાત્મા-ઓ જેમણે પોતાની પ્રતિભાથી સંસારના બાહ્યાં-તરિક ક્ષેત્રમાં ભારે ઊથલપાથલ કરી છે, તેમણે તે શકિત એક જ જન્મમાં પ્રાપ્ત કરી હોતી નથી. આવા અસાધારણ પુરુષો, જેઓ સંકલ્પમાત્રથી જ પોતાની અવિદ્યાનો ત્યાગ કરી શકે, તેમના વિષે વિચાર કરવાની અત્રે આવશ્યકતા નથી. સામાન્ય વર્ગની ગમે તે યોગમાર્ગમાં ધીમે ધીમે જ પ્રગતિ થાય છે.

"કર્મ" શબ્દ "કૃ" ધાતુમાંથી નીકળેલો છે. મનથી, વાણીથી અને શરીરથી જે જે આપણે કરીએ છીએ, તે સર્વ **કર્મ** કહેવાય છે. પ્રત્યેક કર્મની વ્યષ્ટિ અને સમષ્ટિ ઉપર અસર થાય છે. સારાની સારી તથા દુષ્ટ કર્મોની દુષ્ટ; કારણ કે સમષ્ટિ અને વ્યષ્ટિ બન્નેનો નિત્ય અભેદ જ છે. તેમની વચ્ચે સ્થૂળ–સૂક્ષ્મ ક્રિયાઓ

દ્વારા શક્તિઓનો વિનિમય કાયમ ચાલ્યા જ કરે છે. આપણાં કર્મનું પરિણામ આપણા ઉપર થાય છે, તેમ બીજા ઉપર પણ થાય છે; તેવી જ રીતે બીજાઓની ક્રિયાની અસર આપણા ઉપર તેમ તેમના પોતાના ઉપર પણ થાય છે. કર્મથી ચિત્ત ઉપર સંસ્કાર પડે છે; ને સંસ્કારોથી ટેવ–સ્વભાવ ઘડાય છે. કોઈ પણ મનુષ્ય એક વાર દુષ્કર્મ કરવા માંડે એટલે તેની બુદ્ધિ દિવસે દિવસે બગડતી જાય છે; અને તે જાતના વિચારો તેના મસ્તિષ્કમાં બહારથી પ્રવેશ કરી તેને વધારે અને વધારે અધોગતિએ પહોંચાડે છે. શુભ વિચારો અને શુભ કર્મોને પણ આ નિયમ લાગુ પડે છે. ખાસ ધ્યાનમાં રાખવાની વાત એ છે, કે કર્મની શરૂઆત વિચારથી થાય છે. વિચાર ઉપર આધિપત્ય પ્રાપ્ત કરવાથી આચાર એની મેળે જ કાબૂમાં આવી જાય છે. દુર્બળ મનમાંથી ઉત્પન્ન થતા વિચારોના તરંગો નિર્વીર્ય હોય છે અને ચિરસ્થાયી હોતા નથી. તેમની અસર પણ અલ્પ હોય છે. જેમનું મન શક્તિશાળી હોય છે, તેમના વિચારોની અસર ઊંડી, બળવાન અને ચિરકાળ પર્યંત રહેનારી હોય છે.

બીજી એક વાત પણ યાદ રાખવાની જરૂર છે, કે વ્યષ્ટિના પ્રત્યેક કાર્યનું પરિણામ હમેશ સુખદુઃખના દ્વંદ્વથી મુક્ત નથી. સારામાં સારા કર્મમાં પણ કાંઈ ઊણપ રહેલી હોય છે, તેમ જ ખરાબ કર્મમાં પણ કાંઈ શુભ

અંશ રહેલો હોય છે. સૃષ્ટિ એટલે દ્વંદ્વનું સતત યુદ્ધ. સાંખ્યમત પ્રમાણે આ વિશ્વ ત્રિગુણાત્મક છે; સત્ત્વ, રજ અને તમ—એ ત્રણ ગુણોનું મિશ્રણ પ્રત્યેક પદાર્થમાં અને પ્રાણીમાત્રમાં ન્યૂનાધિક અંશે હોય છે. ગુણની પ્રાધાન્યતાથી જ આપણે મનુષ્યને સાત્ત્વિક, રાજસિક, તામસિક ગણીએ છીએ. પ્રકૃતિમાં ત્રણેય ગુણો સામ્યાવસ્થામાં રહે છે; વિકૃતિમાં વિષમ અવસ્થામાં દેખાય છે. જે મનુષ્ય પ્રત્યેક કર્મમાં રહેલા આવા શુભાશુભ ગુણોના મિશ્રણનું અવલોકન કરે છે, તે પોતાનું સમતોલપણું ખોતો નથી. તેણે જ કર્મયોગનું ખરું રહસ્ય જાણ્યું છે એમ કહી શકાય. સર્વને એક સરખી રીતે સુખ કે દુઃખ આપી શકે એવું કોઈ પણ કર્મ આ જગતમાં હોઈ શકે જ નહિ. પૂર્ણાવસ્થાનું ખંડિત રૂપ તે સંસાર. અપરિમિત આનંદનો મર્યાદિત આવિર્ભાવ તે અવસ્થાદ્વય. આવી વસ્તુસ્થિતિ હોવાથી ઘણાંમાં ઘણાં પ્રાણીઓને અધિકમાં અધિક અને ચિરસ્થાયી સુખ જે કર્મથી થાય તે શુભકર્મ અને તેથી વિરોધી કર્મ તે અશુભકર્મ. એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે, કે અહંતાયુક્ત કર્મો ગમે તેટલાં સારાં હોય, તોપણ તેથી મુક્તિ મળી શકે નહિ. ચિત્તની સાત્ત્વિક અવસ્થા નિષ્કામ કર્મોથી થાય; પણ આખરે ત્રણે ય ગુણોની પર પહોંચવું જ જોઈએ; તો જ નિત્યાનંદની પ્રાપ્તિ થાય છે અને સંસારના ચક્રવ્યૂહમાંથી છુટાય છે.

મનુષ્ય જે જે કર્મો કરે છે, તેમાં કાંઈને કાંઈ હેતુ રહેલો જ હોય છે. આ હેતુ ઉચ્ચતમ હોય, મુક્તિનો હોય કે કોઈ સ્વાર્થી વાસનાની તૃપ્તિનો હોય. સામાન્ય રીતે કીર્તિની, ધનની, સત્તાની, પ્રજોત્પત્તિની વાસનાથી અથવા પરલોકના સુખની ઇચ્છાથી મનુષ્ય પ્રેરાય છે. આપણાં શાસ્ત્રોમાં આ સર્વ વાસનાઓનું વર્ગીકરણ–લોકૈષણા, વિત્તૈષણા, પુત્રૈષણામાં કરવામાં આવ્યું છે. **વાસના અને ભયથી જ જનસમાજનો સાધારણ વર્ગ સર્વ પ્રકારની પ્રવૃત્તિમાં પડે છે.** મોક્ષની શુભેચ્છાથી જ કર્મમાં પડનારા મનુષ્યો ઘણા જ થોડા હોય છે. કર્મયોગીએ તો આલોક–પરલોકની સર્વ વાસનાઓનો ત્યાગ કર્યે જ છૂટકો; કારણ કે મુમુક્ષુત્વ અને વિષયવાસનાઓનું સાથે રહેવું તે અસંગત છે. બ્રહ્મલોકથી માંડી આ લોક સુધીના સર્વ વિષયો તરફ પ્રથમ મિથ્યા દૃષ્ટિ કેળવવી અને મનના તે તરફના આકર્ષણનો ત્યાગ કરવો આવશ્યક છે. **કર્મયોગમાં** પણ આ તો પ્રથમ પગથિયું છે. શારીરિક અને માનસિક પદાર્થોથી આત્માને અલગ કરવો યાને તેમના પાશથી આત્માને પર લઈ જવો એ કર્મયોગમાં ધ્યેય છે. આત્માને પોતાના આનંદને માટે અન્ય કશાની જરૂર નથી. તે સદા સર્વદા સર્વ પદાર્થોથી પર અને આનંદસ્વરૂપ જ છે. સુખને માટે જ્યાં લગી આપણને બીજા કોઈ પણ પ્રાણી કે પદાર્થની જરૂર

પડે છે, ત્યાં લગી આપણે પરતંત્ર અને ગુલામ જ છીએ. આવી મનની ઉચ્ચતમ સ્થિતિ, તેનું નામ 'વૈરાગ્ય.' આવા વૈરાગ્યથી જ વાસ્તવિક શ્રેય ઉદ્ભવે છે. શુદ્ધ અને વિચારજન્ય વૈરાગ્યથી જીવનમાં શુષ્કતા અને નિષ્ક્રિયતા આવતાં નથી; પણ ક્રિયાશક્તિ અને પ્રેમ પોતાનું યથાર્થ અને ઉત્કૃષ્ટ સ્વરૂપ ધારણ કરે છે. નામરૂપાત્મક શરીરો તથા પદાર્થો માટે પ્રેમ તે વાસ્તવિક પ્રેમ નથી, પણ મોહ છે, આસક્તિ છે. વસ્તુતઃ પ્રેમ મોહ રહિત હોય છે અને જ્યારે હૃદયગત કામના માત્ર જતી રહે છે, ત્યારે જ એ વિસ્તાર પામે છે. આ પ્રેમની આશા નિરાશામાં છે; કારણ કે તે કોઈ પણ પ્રકારના બદલાની આશા કરતો નથી. ખરો વૈરાગ્યવાન પુરુષ સર્વમાં આત્માનુભવ કરીને સમસ્ત જીવન પ્રેમમય કરીને, સર્વને માટે તન, મન, ધન અર્પણ કરવા તૈયાર હોય છે. તેને કોઈને માટે રાગ–દ્વેષ હોતો નથી, તેમનો મિત્ર-શત્રુ કોઈ હોતો નથી. તે સમદૃષ્ટિ હોય છે. **જેને સામાન્ય રીતે પ્રેમ કહેવામાં આવે છે, તે તો અનધિકારીનો પ્રેમ છે; ઉત્તમાધિકારીનો વૈરાગ્ય તે જ પ્રેમ છે. વૈરાગ્ય એટલે ભેદબુદ્ધિનો ત્યાગ; તેનું નિષ્ક્રિય સ્વરૂપ તે આસક્તિનો ત્યાગ અને સક્રિય સ્વરૂપ તે પ્રેમ અથવા સર્વમયતાનું ગ્રહણ.**

નિષ્કામ કર્મ કદાપિ નિષ્ફળ થતું નથી. તેનાથી ચિત્તની શુદ્ધિ થાય છે અને તે દ્વારા અહંતાનો ક્ષય

થઈ મુક્તિ પ્રાપ્ત થાય છે. આવાં કર્મો માટે વ્યવસાયી બુદ્ધિની પરમાવશ્યકતા છે. ઈશ્વરાર્પણ બુદ્ધિ જ—ફળની કોઈ પણ પ્રકારની ઇચ્છા રાખ્યા વગર કર્મ કરવાવાળી બુદ્ધિ, તે જ વ્યવસાયી બુદ્ધિ. આવી બુદ્ધિ જ—તત્ત્વનિશ્ચયપરાયણ બુદ્ધિ જ દૃઢ હોય; બીજા પ્રકારની બુદ્ધિ અસ્થિર, બહુ શાખાઓવાળી, સકામ કર્મમાં પ્રવૃત્ત થનારી હોય છે. આવી બુદ્ધિથી પ્રવૃત્ત થનાર જીવાત્માઓનું મન અસંખ્ય કામનાઓથી આમ તેમ ભટક્યા કરે છે અને તેમને સ્વપ્ને પણ શાંતિ મળતી નથી. **વાસના** અને **શાંતિ** પરસ્પર વિરોધી છે. 'અમુક કર્મ મેં કર્યું તેનું ફળ મને મળે' એવું ચિત્તમાં અનુસંધાન રાખવું નહિ, તેથી બંધન થાય છે, તેમ ફલાભિસંધિનો ત્યાગ એટલે નિષ્ક્રિયતા પણ નહિ. સ્વધર્માનુસાર કર્મો તો કરવાં, પણ યોગમાં સ્થિત થઈ કરવાં. આ પ્રમાણે પ્રયત્ન કરતાં કરતાં સર્વ વિક્ષેપ નિવૃત્ત થાય છે. આમ **કામના માત્રનો ત્યાગ કરી નિઃસ્પૃહ થઈ મમત્વ ત્યજી, બ્રહ્મમાર્ગમાં નિષ્ઠા રાખી, સ્વધર્માનુસાર પ્રવાહપ્રાપ્ત પદાર્થોનો ઉપભોગ કરવો તે જ ખરો યોગ છે.** સર્વ કર્મો યજ્ઞાર્થ કરવાં જોઈએ. સર્વ પ્રાણીઓનું જીવન એક યજ્ઞરૂપ જ છે. સમગ્ર વિશ્વ બ્રહ્મરૂપ જ છે. નિરાકાર બ્રહ્મનું સાકાર સ્વરૂપ તે જ વિશ્વ. આખું બ્રહ્માંડ એક યજ્ઞ છે, તેમ પિંડ પણ એક યજ્ઞ છે; એટલે પિંડ–બ્રહ્માંડ પરત્વે કરવામાં આવતાં

સર્વ કર્મો યજ્ઞરૂપ જ છે. ફક્ત ફલાભિસંધિનો, વાસનાઓનો ત્યાગ કરવો. યજ્ઞ, કર્મ અને બ્રહ્મની એકતા સમજાઇને—કર્તા, કરણ, કાર્ય—ત્રિપુટી માત્ર બ્રહ્મમય થઈ જાય છે. બ્રહ્મમાં કર્મ પણ નથી અને અકર્મ પણ નથી. સર્વદા કર્મ, અકર્મ એક જ છે. અહંતા માત્ર જ દુઃખરૂપ છે. વિશ્વની પ્રવૃત્તિ બ્રહ્મરૂપ જ હોવાથી તેમાં **પાપને** કે **દુઃખને** જરા પણ સ્થાન નથી; તેથી કર્મયોગીએ નિરંતર બ્રહ્માર્પણ બુદ્ધિથી જ કર્મમાં રોકાવું. યજ્ઞ કરવાના ઉદ્દેશથી જે કર્યું હોય તેમાંથી જે બચે, તે યજ્ઞશેષ. સર્વ લોકહિતાર્થ પ્રવૃત્તિ કરી, જ્ઞાન, સત્તા, દ્રવ્ય જે આપણી પાસે હોય તેનો ઉપયોગ સર્વના કલ્યાણ માટે કરી, મારું—તારું મૂકી દઈ, દૃષ્ટિને એકત્વની ભાવનાથી વિશાળ કરી, 'સર્વત્ર હું જ છું' યા 'સર્વ ઈશ્વરનાં જ સ્વરૂપો છે' એ ભાવના દૃઢ કરી જે સર્વ પ્રવૃત્તિ કરવામાં આવે, તે "**યજ્ઞ**" છે; તે મુક્તિદાયક છે અને સ્વાર્થમય પ્રવૃત્તિ "**અયજ્ઞ**" છે, ને બંધનકારક અને દુઃખદાયક છે.

જ્ઞાનીની અને અજ્ઞાનીની, કર્મઠની અને કર્મયોગીની પ્રવૃત્તિના પ્રકારમાં ભેદ ન હોય. ઉપલક દૃષ્ટિએ સરખીજ જણાય, પણ આંતરિક ઉદ્દેશમાં આસમાન—જમીનનો ફેર હોય છે.

બીજાઓના ભલા માટે કરવામાં આવેલાં કર્મોને પરોપકારનાં કર્મો કહેવામાં આવે છે. આવાં કાર્યો બીજા-

ને સહાયક થઈ પડે તે ખરું, પણ તેમ કરવામાં આપણે આપણું પોતાનું કલ્યાણ અધિકાંશે કરીએ છીએ. બીજાને તો ફાયદો થાય કે ન પણ થાય. યજ્ઞાર્થ કર્મનો મુખ્ય હેતુ કર્તાની પોતાની ઉન્નતિ છે. આપણા વિના જગતનું કાર્ય અટકી પડશે એવી ભાવના માત્ર ભ્રમણા જ છે. સંસારચક્ર આપણી ઇચ્છાનુસાર ચાલતું નથી, તેમ તેના નિયામક આપણે નથી. આપણા જન્મ પહેલાં જગતનો વ્યવહાર ચાલ્યા જ કરતો હતો અને મૃત્યુ પછી પણ ચાલ્યા જ કરશે. પ્રત્યેક પ્રાણીને સ્વ-કર્માનુસાર સુખદુ:ખની પ્રાપ્તિ થયા જ કરે છે; અને હરેક અજ્ઞ મનુષ્ય સુખદુ:ખ બંનેના મિશ્રણ રૂપ જ છે. જગત એક દૃષ્ટિએ પૂર્ણાવસ્થામાં જ છે, એટલે દરેક પ્રાણી પોતાના અધિકારાનુસાર જે સ્થિતિમાં હોવું જોઈએ, તે સ્થિતિમાં જ છે તથા જે કાર્યને માટે જગતની ઉત્પત્તિ થઈ છે, તેને પરિપૂર્ણ કરવાનાં સાધનોથી તે ભરપૂર છે. આપણા સિવાય સંસારની ઘટમાળ અટકવાની નથી. તે તો તેને નિયત સ્થાને પહોંચવાની જ; પણ આપણે કર્મ તો કરવાં જ જોઈએ. તે એવી રીતે કરવાં જોઈએ કે જેથી કરીને આપણે પૂર્ણતાએ પહોંચી શકીએ; એટલા માટે જ ફલાભિસંધિનો ત્યાગ કરીને યજ્ઞાર્થ અને લોકસંગ્રહાર્થ નિરભિમાનીપણું રાખીને પ્રવૃત્તિ કરવાની જરૂરિયાત છે. પરમેશ્વરનું અસ્તિત્વ છે. તે સંસારનો શાસક છે તથા રક્ષક પણ

છે. સર્વવ્યાપક, સર્વશક્તિમાન સર્વજ્ઞ, વિશ્વંભર હોવાથી તેને કોઈની સહાયની અપેક્ષા નથી. આ સંસાર-રૂપી વ્યાયામશાળામાં કસરત કરીને મનુષ્યે આંતરિક સામર્થ્ય અને શુદ્ધિ પ્રાપ્ત કરવાની છે.

આ ઉપરાંત સમત્વ કેળવવાની પરમ આવશ્યકતા છે. સિદ્ધિ–અસિદ્ધિમાં, જય–પરાજયમાં અને માનાપમાનમાં સમતા રાખવી તથા ચિત્તને ચલાયમાન થવા દેવું નહિ. ક્ષોભ ઉત્પન્ન થવો ન જોઈએ. આત્મચિંતનથી યા ઈશ્વર-સ્મરણથી, ક્રોધ, લોભ, મોહ, રાગ, દ્વેષ વગેરે વિકારો-ને ચિત્તમાં પ્રવેશ કરવા દેવા નહિ. ત્રણેય પ્રકારનાં આધિદૈવિક, આધિભૌતિક, આધ્યાત્મિક–દુઃખોથી મનમાં લેશ માત્ર ઉદ્વેગ થવો જોઈએ નહિ–તથા ત્રણે ય પ્રકારનાં સુખોમાં સ્પૃહા પણ રાખવી નહિ. આનો અર્થ એવો નથી, કે સક્રિય કર્મનો ત્યાગ કરીને મૂંગે મોઢે દુઃખ સહન કર્યા જ કરવું; દુઃખનિવારણનો પ્રયાસ ચાલુ જ રાખવો; પણ શાંત અને પ્રસન્ન ચિત્તથી તે કામ કરવું. ક્યારે દુઃખમાંથી મુક્ત થવાશે ઇત્યાદિ સંશયથી મનમાં નિર્વેદ ઉત્પન્ન થવા દેવો જોઈએ નહિ, પણ ધૈર્યથી નિશ્ચયપૂર્વક શાંત ચિત્ત રાખીને ઉદ્યમ કર્યા કરવો. મનની પ્રસન્નતાનો ત્યાગ ન કરતાં તથા પ્રયત્નનું ફળ પણ ઈશ્વરની ઇચ્છા ઉપર છોડવું.

રાગનો સમૂળ નાશ કરવાથી વાસ્તવિક સમતા પ્રાપ્ત થાય છે. સર્વ અવસ્થામાં સમતા રાખવા ઉપરાંત

પ્રાણીમાત્ર તરફ સમદૃષ્ટિ રાખવી. સર્વ ભૂતમાં એક જ આત્મા વ્યાપી રહ્યો છે તે વિચાર દૃઢ કરી ભૂતમાત્રમાં આત્માની પ્રતીતિ કરવી. ભેદમાત્ર આધ્યાસિક છે. આવી ઉત્કૃષ્ટ ભાવનાથી રાગ–દ્વેષ નિવૃત્ત થાય છે અને સર્વત્ર આત્મદૃષ્ટિ થઈ સમાન પ્રેમ ઉદ્ભવે છે.

ગમે તેવું કાર્ય હાથ ઉપર હોય, નજીવામાં નજીવું હોય, તોપણ તેમાં સંપૂર્ણ એકાગ્રતા રાખવી. કોઈ પણ જાતના કાર્યને તુચ્છ કે હલકું માનવાનું નથી. એક માણસ શારીરિક સેવા ચાકરી કરતો હોય તેટલા જ કારણથી તે વધારે બુદ્ધિશાળી નથી અથવા ધનવાન મનુષ્યો કરતાં હલકો છે એમ માનવું નહિ. મનુષ્ય જે કામ કરે છે તે ઉપરથી નહિ, પણ કયા પ્રેરક હેતુથી તથા કેવી રીતે તે પોતાનું કામ કરે છે, તે ઉપરથી તેની પામર અથવા ઉચ્ચ કોટિ માનવી જોઈએ. હરેક કર્મ પવિત્ર જ છે. નિષ્કામતાપૂર્વક કર્મનિષ્ઠા એ ઈશ્વરની ઉચ્ચ પ્રકારની ઉપાસના જ છે. જે જે કર્મ ચિત્તને શુદ્ધ કરી, સ્થિર કરીને મનુષ્યને ઈશ્વર સમીપ લઈ જાય, તે સર્વ ઈશ્વરભક્તિ જ છે. પ્રત્યેક કાર્યમાં તલ્લીન થઈ જવું, ચિત્તને આમતેમ ભટકવા દેવું નહિ, પણ કામમાં જ પરોવવું, સાધનને જ લક્ષ્ય માનીને તેમાં પણ સાધ્યના જેટલો જ પ્રેમ, કાળજી અને ઉત્સાહ રાખવાં જોઈએ. અમુક આદર્શ નક્કી કર્યો અને તેનાં સાધનો નક્કી કર્યાં પછી તે સાધનોને ચૂસ્તપણે વળગી

રહેવાથી આપોઆપ સાધ્યની સિદ્ધિ થાય છે. આપણી સર્વ શક્તિઓ વડે અવિરત કર્મ કર્યા કરવું. કર્મના પ્રકાર ઉપર મુક્તિનો આધાર નથી, પણ તે કરવાની પદ્ધતિ અને તેના હેતુ ઉપર છે.

આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવા માટે શ્રી 'મહાભારત'માં એક બોધદાયક દૃષ્ટાંત છે. 'વ્યાધ' અને 'તપસ્વી'ના સંવાદરૂપે તે સુપ્રસિદ્ધ છે. તેમાં વેદાંતનું સર્વોત્તમ જ્ઞાન સમાયેલું છે; અને છેવટે તે વ્યાધે જણાવ્યું છે, કે "મને જે જ્ઞાન અને શક્તિ પ્રાપ્ત થયાં છે, તે મારું પ્રાપ્તકર્તવ્ય નિઃસ્વાર્થવૃત્તિથી, અલિપ્તપણે અને એકાગ્ર ચિત્તથી કરવાથી જ પ્રાપ્ત થયાં છે."

જેમ કાર્ય વિશેષ મહત્ત્વનું હોય છે, તેમ તે કાર્યને પ્રેરનાર આત્મબળ પણ વિશેષ પ્રમાણમાં હોવું જોઈએ. પોતાના ઉચ્ચાદર્શોને જીવનમાં ઉતાર્યા હોય, તેવો મનુષ્ય, ભાવનાનું સુંદર શબ્દોમાં વર્ણન કરનારા અને બુદ્ધિબળથી કે યુક્તિપ્રયુક્તિથી સિદ્ધાંતોનું પ્રતિપાદન કરનારા હજારો મનુષ્યો કરતાં વધારે બળવાન હોય છે. તેમની સૂક્ષ્મશક્તિ બીજાઓને કાર્યોમાં પ્રેરે છે. મહાન કાર્યોને ગતિમાં મૂકનાર શક્તિ શરૂઆતમાં અવ્યક્ત જ હોય છે. ભાવનાની અને વ્યવહારની એકતા કરવી તે જ મહાત્માનું લક્ષણ છે. મનુષ્યના સ્વભાવનું તથા તેની કોટિનું યથાર્થ નિરીક્ષણ કરવાની ઇચ્છા હોય, તો

તેનાં નિત્યનાં સામાન્ય કર્મોનું અન્વેષણ કરવું. ખરો મહાન પુરુષ તો એ જ કહેવાય, કે જે સર્વ સંજોગોમાં ચિત્તનું સમત્વ જાળવી શકે અને જેનાં નાનાં કાર્યો પણ કાળજીપૂર્વક કરેલાં તેમ જ રહસ્યયુક્ત હોય.

આત્મસાક્ષાત્કાર જીવનનું ધ્યેય છે, તેથી કેવળ ચિત્તશુદ્ધિથી જ કે ચિત્તને સ્થિર કરવાથી અટકવાનું નથી, પણ તેથી આગળ જવાની અપેક્ષા છે. નિષ્કામતાથી, ફળની આકાંક્ષાનો ત્યાગ કરવાથી, ચિત્તને પ્રેમથી વિશાળ કરવાથી અને એકાગ્રતા કેળવવાથી ચિત્ત સાત્ત્વિક થાય છે; પણ ચિત્તપરતાનું ધ્યેય અંતિમ હોવાથી પ્રથમથી જ સાક્ષીભાવ રાખવાની પણ આવશ્યકતા છે. સાક્ષીભાવથી ધ્યેય તરફ પ્રગતિ ત્વરાથી થાય છે. "હું મન ને શરીરથી પૃથક્ છું" તે વિચાર દૃઢ કરી સ્થિર રાખવો. આને માટે કર્મયોગીએ પણ થોડો સમય અહોનિશ ઉપાસનામાં, નિદિધ્યાસનમાં અથવા ધ્યાનમાં ગાળવાની આવશ્યકતા છે; તથા તેની સાથે સત્સંગ સેવવો જોઈએ અને શાસ્ત્રાધ્યયન પણ રાખવું જોઈએ.

વ્યાવહારિક કર્મો કરવા છતાં પણ મુક્તિ–આત્મસાક્ષાત્કાર માટે ક્યા સદ્ગુણો સંપાદન કરવા જોઈએ, તે વિષે આપણે સંક્ષિપ્તમાં પુનઃદિગ્દર્શન કરી જઈએ.

સર્વ વાસનાઓનો–લોકૈષણા, વિત્તૈષણા, પુત્રૈષણા-

નો સદંતર ત્યાગ કરવો અને મુક્તિનો જ આદર્શ માનસિક દૃષ્ટિ સમક્ષ રાખવો. ફલાભિસંધિનો ત્યાગ કરવો અને સર્વ કર્મો નિરભિમાનીપણું રાખી બ્રહ્માર્પણ બુદ્ધિથી કરવાં. મદદ, સહાય, પરોપકાર, દાન–આ શબ્દોને મગજમાંથી કાઢી નાખવા. સર્વ કર્મ પોતાના ફાયદા માટે જ છે. પ્રભુને કોઈની સહાયની અપેક્ષા નથી. તે આપણને નિમિત્ત બનાવી આ સંસારરૂપી અખાડામાં કસરત કરીને સ્નાયુઓને મજબૂત કરવાને તક આપે છે; તે જ આપણાં અહોભાગ્ય છે તેમ સમજવું. ઈશ્વર પોતે નિર્માણ કરેલું કાર્ય આપણી સહાય વિના કરી શકે છે. એની ઇચ્છા વિના એક પાંદડું પણ હાલી શકતું નથી. આપણી પોતાની હયાતી પણ તેની ઇચ્છા ઉપર જ છે. સમગ્ર સંસારનો તે અધિષ્ઠાતા છે, કર્તા છે; તેની ઉત્પત્તિ, સ્થિતિ, લયનો અચલ આધાર છે.

સંસારના સર્વ પદાર્થો અને સર્વ શરીરો નાશવંત છે એમ જાણી તેમાં અનાસક્તિ રાખવી, પૂર્ણ વૈરાગ્ય કેળવવો, તેની સાથે આત્મદૃષ્ટિએ સર્વના ઉપર નિર્મળ પ્રેમ રાખવો, અને સર્વની યથાશક્તિ સેવા કરવી સર્વનું કલ્યાણ થાય એ વિચારથી કર્મમાં પ્રેરાવું. જ્ઞાન, સત્તા, અને ધનનો ઉપયોગ સર્વના કલ્યાણ માટે કરવો. મુક્તિને અને કર્મના પ્રકારને કોઈ પણ જાતનો સંબંધ નથી. ગમે તે મનુષ્ય, સ્ત્રી કે પુરુષ, ગમે તે

વર્ણ કે જાતિનો હોય, ગમે તે ધર્મ, સંપ્રદાય કે પંથનો હોય, ગમે તે આશ્રમનો હોય, તો પણ સ્વધર્માનુસાર મમતા-અહંતાનો ત્યાગ કરી કર્મ કરે, તો તે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. મનુષ્યની મહત્તા કે લઘુતાનું માપ તેના ચિત્તની સ્થિતિ ઉપરથી કાઢવું. બાહ્ય સંજોગોથી, ધનથી, સત્તાથી, બુદ્ધિબળથી કિંમત આંકવાની નથી. ચારિત્ર્યબળથી, હૃદયની વિશાળતાથી, નિઃસ્વાર્થપણાથી, સંયમથી તેની કિંમત આંકવી જોઈએ. પ્રત્યેક કર્મ (નાનું કે મોટું) એકાગ્ર ચિત્તથી કરવું; સતત સાક્ષીભાવ કેળવવો; સુખદુઃખમાં, માનાપમાનમાં, જયપરાજયમાં સમતા રાખવી; આ ઉપરાંત, અમુક સમય ધ્યાનમાં, ઉપાસનામાં, નિદિધ્યાસનમાં, શાસ્ત્રાધ્યયનમાં ને સત્સંગમાં ગાળવો. જળસ્થિત કમળની પેઠે કર્મ કરતાં છતાં તેમાં લેપાવું નહિ.

આ પ્રમાણે કર્મ કરવાથી જે મુક્તાવસ્થા, નિત્યાનંદની પ્રાપ્તિ, જ્ઞાનયોગી, રાજયોગી અને ભક્તિયોગી પ્રધાનપણે અંતઃસ્થ જીવન ગાળીને સંપાદન કરે છે, તે જ ઉચ્ચતમ સ્થિતિ કર્મયોગી મુખ્યત્વે કરીને વ્યાવહારિક કર્મ કરવા છતાં પણ પ્રાપ્ત કરે છે; તેથી જ શ્રી ગીતાજીમાં કહેલું છે, કે સાંખ્ય ને યોગમાર્ગ એક જ છે, અને વિદ્વાન લોકો તેમાં વિભિન્નતા જોતા નથી.

૪ : યુગધર્મ

વર્તમાન સમય ભૂતનું બાલક અને ભવિષ્યનો પિતા છે. મનુષ્યો જ્યારે ભાવિનો વિચાર કરવા માંડે છે, તેની આકૃતિની કલ્પના કરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે પ્રથમ ભૂતકાળ ઉપર દૃષ્ટિપાત કરી તેમાંથી કાંઈ આધાર ગ્રહણ કરવાની ઇચ્છા કરે છે. ભવિષ્ય સામાન્ય મનુષ્યો માટે અજ્ઞાત છે, અસ્પષ્ટ છે, જ્યારે ભૂત સ્પષ્ટ, જ્ઞાત, અનુભવેલું છે. જનસમાજ પ્રગતિના પંથમાં ત્વરિત ગતિ કરવા તૈયાર થાય છે, ત્યારે આવશ્યક બળ, પ્રેરણા, માર્ગદર્શન, સર્વકાળે અને સર્વ પ્રસંગે ભૂતમાંથી જ મેળવે છે. પ્રાચીનતાનું અનુસંધાન સદંતર તોડી નાખીને યથાર્થ વિકાસ કરવો તે શક્ય નથી, એમ કહેવામાં કાંઈ પણ અતિશયોક્તિ નથી.

સંસાર પરિવર્તનશીલ છે, તેથી જનસમૂહને નિરંતર અનેક પ્રકારના પરિવર્તનોમાં જ વિહરવાનું થાય છે. સમયાનુસાર રીતરિવાજમાં, આચાર–વિચારમાં, સંસ્થાઓના સ્વરૂપમાં ફેરફાર કરવો જ પડે છે. ઇતિહાસ એટલે પ્રજાનો–માનવજાતિનો ઐહિક અને પારમાર્થિક ઉન્નતિનો ક્રમ. મનુષ્યપિંડમાં જેમ શરીરની અસર મન ઉપર થાય છે અને મનની અસર શરીર ઉપર થાય છે, તેમ સમાજને પણ બાહ્ય અને આંતર

કારણો દ્વારા અસંખ્ય સંસ્કારો લાગ્યા કરે છે. બાહ્ય કારણોમાં સૃષ્ટિ, આબોહવા વગેરેની અસર થાય છે તે, જ્યારે આંતર કારણોમાં પરંપરાથી ચાલી આવેલા તથા નવીન વિચારો, ભાવનાઓ, આદર્શો ઇત્યાદિની અસર થાય છે. આવા સતત બદલાતા પ્રવાહમાં જે કાંઈ અચળ રહેવા યત્ન કરે છે, તે જ પ્રાચીનતાનું સ્વરૂપ છે. જેમ વૃક્ષ ઊગવા માંડે ત્યારે તેની બહારની આકૃતિમાં ગમે તેટલા ફેરફાર થાય, તોપણ તેનું **સ્વત્વ** (પોતાપણું) જતું નથી, તેવી રીતે પ્રજાના બહારના સ્વરૂપમાં શિક્ષણથી, અન્ય સંસ્કૃતિઓના સંઘર્ષણથી, અનુકરણથી, સંજોગોમાં ફેરબદલી થવાથી, વિધવિધ પ્રકારનાં પરિવર્તનો થતાં રહે, તોપણ તેનું **વ્યક્તિત્વ** સ્થાયી રહે છે. આને જ આપણે પ્રજાની પ્રકૃતિ કહી શકીએ. પ્રાચીનતાનું મૂળ બીજ આ છે. **પ્રાચીનતા પોષે છે, સંગ્રહ કરે છે, રક્ષણ કરે છે; પ્રાચીનતાને નવીનતાનો, ભૂતનો અને ભવિષ્યનો વિરોધ નથી. માનવસમૂહના વિકાસ માટે બન્નેની સમાન આવશ્યકતા છે. યોગવૃત્તિ અને ક્ષેમવૃત્તિ બન્નેનો સહવાસ વ્યક્તિના અને સમષ્ટિના યોગ્ય વિકાસ માટે અનિવાર્ય છે.**

ઘણી વાર એવા પ્રસંગો પણ ઉપસ્થિત થાય છે, કે જે ભાવનાઓ, ભૂતકાળમાં પ્રજામાં શ્રદ્ધા, ઉત્સાહ, સાહસિક વૃત્તિ ઉત્પન્ન કરવામાં સમર્થ નીવડી હોય તે

અમુક કાળ વીત્યા પછી નિ:સાર અને અવિશ્વસનીય જણાય છે અને પ્રજાને પ્રેરણા આપી શકતી નથી. આવી પરિસ્થિતિમાં જનસમાજ એક પ્રકારની નિદ્રાની સ્થિતિ જ અનુભવે છે, ભવિષ્યની આશાનો ત્યાગ કરી દે છે અને નિરાશાવાદનો આશ્રય લઈ નિષ્ક્રિયતામાં જ નિમગ્ન રહે છે; અને જ્યાં સુધી વર્તમાન સમયને અનુકૂળ થાય તેવી કોઈ પ્રેરણાત્મક શક્તિ ભૂતકાળમાંથી ન મળે, ત્યાં સુધી વૃદ્ધિનો પંથ દૃષ્ટિગોચર થતો નથી.

આચાર–વિચારમાં જ્યારે પ્રાચીનતા સ્થિતિચુસ્તતામાં પરિણમે છે, એક તસુ પણ આગળ વધવાની ના પાડે છે, પ્રચલિત અવસ્થામાં જ સંતોષ માની ભૂતકાળના બણગાં ફૂંકી આળસનો આશ્રય કરે છે, ત્યારે તે હાનિકારક થઈ પડે છે; તે જ પ્રમાણે નવીનતા, વગર વિચારે જે આવે તેનું અનુકરણ કરી, પ્રાચીનતાનો અનાદર કરી, ભૂતકાળનો સંપર્ક બિલકુલ તોડી નાખીને, આગળ ધસે જાય છે, ત્યારે તે પણ વિનાશનું કારણ થઈ પડે છે. **પ્રાચીનતા એ દરેક દેશનો–પ્રજાનો અમાપ ભંડાર છે; નવીનતા એ તેનો વ્યય કરવાનું સ્થાન છે. નવીનતા એ 'એન્જિન' છે, જ્યારે પ્રાચીનતા એ 'એન્જિન'-ની ગતિને નિયમમાં રાખનાર યંત્ર છે.** જ્યારે પ્રજાની ઉન્નતિનો સમય આવે છે, ત્યારે સામાન્ય રીતે

પ્રાચીન અને નવીન વિચારના મનુષ્યો વચ્ચે વિરોધ ઉત્પન્ન થાય છે. પ્રાચીન ભાવનાઓ જ સર્વોત્તમ છે, પ્રાચીન આચારવિચારને વળગી રહેવામાં જ કલ્યાણ છે અને નવીન વિચારશ્રેણીઓમાંથી કાંઈ પણ ગ્રહણ કરવા યોગ્ય નથી—એવા મતના અનુયાયીઓ ઘણા નીકળે છે. બીજી તરફથી ભૂતકાળનો અનાદર કરીને વર્તમાનમાં જે આપણને યોગ્યાયોગ્ય જણાય તે માર્ગે ચડીને જ ભાવિનું ઘડતર કરવું, ભૂતકાળ તરફ દૃષ્ટિપાત કરવો તે તો જડતા છે, જે ગયું તે પાછું આવવાનું નથી, વૃદ્ધિનો માર્ગ તો નવીનતામાં જ છે—એ પક્ષનું સમર્થન કરનારા ઘણા નીકળે છે. વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ, તો પ્રાચીનતા અને નવીનતા એ બન્ને પ્રત્યેક વ્યક્તિમાં તેમ પ્રજામાં પણ સ્વભાવસિદ્ધ છે. પ્રાચીનતાનો તદ્દન ઉચ્છેદ કરીને નવીનતા માત્રનો જ આશ્રય કરવામાં લાભ નથી. પ્રજાની પ્રકૃતિ પ્રાચીનતા અને વિકૃતિ નવીનતા છે. પ્રકૃતિ વિના જેમ વિકૃતિનો સંભવ નથી, તેમ પ્રાચીનતાના પાયા ઉપર જ ભવિષ્યનું ચણતર થઈ શકે, તો જ તે દીર્ઘકાળ સુધી ટકી રહે. વ્યક્તિના તેમ સમાજના મનમાં જે ખાસ સંસ્કારોનું પ્રાબલ્ય હોય તેનો સંબંધ તોડ્યા વિના નવીન સંસ્કારો પાડવામાં આવે, તો તેવા સંસ્કારો સહેલાઈથી મનમાં પ્રવેશ કરી શકે અને છેવટે આચારને પણ અસર કરે. જેમ ભૂતકાળ વિના વર્તમાનની અને વર્તમાન વિના ભવિષ્યની

ઉત્પત્તિ અશક્ય છે–અકલ્પ્ય છે, તેવી રીતે પ્રાચીનતા વિના નવીનતાનું અસ્તિત્વ જ અસંભવિત છે. એકાએક પ્રાચીનતા વિના નવીનતા પોતાનું સાધ્ય સિદ્ધ કરી શકતી નથી. ઉભયનો યોગ્ય સમન્વય એ જ ઉત્ક્રાંતિનો શ્રેષ્ઠ માર્ગ છે. પ્રાચીન ભાવનાઓમાં સર્વથી ઉત્કૃષ્ટ ભાવના એ છે, કે એકતા–અભેદનું જે સનાતન સત્ય છે, તે માનવસમાજની દૃષ્ટિ સમક્ષ કાયમ રાખવું, ભિન્ન ભિન્ન રીતે મનુષ્યની બુદ્ધિમાં તેને ઠસાવવું, તેનો અનુભવ કરવાની વિધવિધ પદ્ધતિઓ શોધી કાઢવી અને તેને માનવહૃદયમાં દૃઢપણે રોપીને, વ્યવહારમાં પણ તેને ક્રિયાત્મક સ્વરૂપ આપવું. મનુષ્ય પોતાનું મર્યાદિત સ્વત્વ ભૂલીને સમગ્રત્વની ભાવનાને અપનાવે, સ્વાર્થી-સંકુચિત જીવનમાં જ કૃતાર્થતા માનવાનું મૂકી પરાર્થી અને વિશ્વવ્યાપી જીવનમાં જ આનંદ માને. જેમ જેમ આ ઉચ્ચ અને વિશાળ ભાવના આપણા હૃદયમાંથી ભુંસાવા માંડી, જેમ જેમ રસ વિનાના શબ્દોચ્ચારણમાં જ સાર્થકતા માનવાની વૃત્તિ આપણામાં સ્થિર થવા માંડી, તેમ તેમ વિચારમાં, વ્યવહારમાં, સામાજિક ક્ષેત્રમાં અને રાજકીય ક્ષેત્રમાં ભેદબુદ્ધિનું પ્રાધાન્ય વધવા માંડયું, સમાજમાં આંતરિક એકતાથી જે શકિત આવે છે તે ક્ષીણ થવા માંડી અને ધાર્મિક ક્ષેત્રમાં પણ કેવળ ક્રિયાકાંડમાં જ રચ્યાપચ્યા રહેવાની રુચિમાં વૃદ્ધિ થઈ અને આભડછેટ અને વઢાળમાં જ ધાર્મિક જીવનની

પરાકાષ્ઠા છે એવું આપણે સમજવા લાગ્યા. શબ્દ-પાંડિત્યનું સામ્રાજ્ય સ્થપાવાથી અને હૃદય સાંકડું થવાથી સમષ્ટિભાવના—અભેદભાવના જે આર્યસંસારનો—આર્ય-સંસ્કૃતિનો મૂળગત સિદ્ધાંત છે, તેનું વિસ્મરણ થઈ ગયું. કર્તવ્યભ્રષ્ટતાએ જીવનમાં પ્રવેશ કર્યો અને પરાધીનતા, પરસ્પર અવિશ્વાસ, સ્વશક્તિમાં અશ્રદ્ધા, વર્ણવિગ્રહ, આર્થિક આપત્તિથી આપણું સામાજિક જીવન દૂષિત થવા માંડયું.

આ અભેદભાવનાનું સમાજના હૃદયમાં પુનઃ સ્થાપન તથા વ્યાવહારિક ક્ષેત્રમાં, તેના બાહ્ય સ્વરૂપમાં, દેશ-કાળાનુસાર પરિવર્તન, એ જ આધુનિક સમયમાં આપણું મુખ્ય કર્તવ્ય છે. અભેદભાવના એ જ સર્વ કૃપણતા, વિપત્તિ, નિર્વીર્યતાને નિર્મૂળ કરવાનો રામબાણ ઉપાય છે, તેમ જ આ ભાવના ઉત્તમોત્તમ નીતિ નિયામક પણ છે. અમુક આદર્શ આપણે મુકરર કરીએ, ત્યાર પછી જ નીતિના નિયમોનો નિર્ણય થઈ શકે. જે વિચાર-આચાર આપણને આપણા લક્ષ્ય તરફ લઈ જાય, તે **નીતિ** કહેવાય; અને તેનાથી વિમુખ કરે તે **અનીતિ** કહેવાય. જ્યાં સુધી જીવિતના હેતુનું નિશ્ચિત સ્વરૂપ બંધાયું નથી, ત્યાં સુધી નીતિનું ધોરણ હાથ આવી શકે નહિ. વિશ્વના સ્વરૂપમાં આપણું શું સ્થાન છે, વિશ્વનો અને આપણો પરસ્પર સંબંધ કેવો છે, વિશ્વની ગતિ કઈ દિશામાં છે, આપણે તેને અનુકૂળ થવા માટે

કેવી રીતે વ્યવહાર કરવો જોઈએ—એ પ્રશ્નોનો સિદ્ધ નિશ્ચય થયા વગર જે નીતિનિયમો રચવામાં આવે, તે કેવળ કામચલાઉ જ નીવડે છે અને માત્ર કલ્પના કે આવેશને જ આધીન હોય છે.

પરમપ્રેમ, અત્યંત અભેદ એ જ સર્વોત્કૃષ્ટ નીતિ-ભાવના છે; અને તેને જ વ્યવહાર માત્રના પાયારૂપે સ્થાપિત કરવી જોઈએ. અદ્વૈતાનુયાયીનું સમસ્ત જીવન અદ્વિતીય જ હોય છે. તે સર્વત્ર એકત્વ જ જુએ છે. નાત, જાત, વર્ણ, દેશ, પરદેશ, ધર્મભેદની ભાવના-ઓ તેના હૃદયના સ્વાભાવિક વિસ્તારની આડે આવી શકતી નથી. અભેદ ભાવનાનો સિદ્ધાંત લક્ષમાં રાખી જનસમૂહના સમસ્ત જીવનની, પારમાર્થિક અને વ્યાવહારિક જીવનની વ્યવસ્થા કરવાની આવશ્યકતા છે. કેવળ આ દેશનું જ નહિ, પણ સમગ્ર દુનિયાનું કલ્યાણ એ ભાવનાના આશ્રયમાં જ છે. જ્યાં સુધી અહંતાનો અને મમતાનો ત્યાગ થશે નહિ, જ્યાં સુધી દેશ પરદેશના નેતાઓનો નૈતિક વિકાસ થશે નહિ, ત્યાં સુધી ઈર્ષા, કલહ, કુટિલતા, પ્રતારણા+ રહેવાનાં જ. અંતઃકરણમાં સમૂળ ફેરફાર કર્યા વિના બાહ્ય શિષ્ટા-ચાર અને વચનવિનોદનો વિસ્તાર કરવાથી જન-સમાજની સ્થિતિમાં કાયમનો સુધારો થવાની આશા

+ પ્રતારણા એટલે ઠગાઈ, છેતરપિંડી

રાખવી એ નિરર્થક છે.

આર્યસંસ્કૃતિ અનુસાર વિશ્વમાં પ્રત્યેક વસ્તુ ક્ષણે ક્ષણે બદલાતી જાય છે. આખો સંસાર અસ્થિર છે. આધુનિક ભૌતિક શાસ્ત્રોનો પણ એવો જ મત છે. એ બાબતમાં પ્રાચીન આર્યશાસ્ત્ર અને અર્વાચીન વિજ્ઞાનશાસ્ત્રની એકવાક્યતા છે. બાહ્ય સૃષ્ટિની દરેક વસ્તુ પરિવર્તનશીલ સ્વભાવવાળી છે, તેમ આપણા પિંડની અંદર પણ શરીર, મન અને બુદ્ધિ પણ અસ્થિર ને વિકારી છે; આ ચળ પદાર્થોની પાછળ એક નિત્ય તત્ત્વ છે. આ સ્થાયી તત્ત્વનું અસ્તિત્વ ન હોય તો સતત ગતિમાન પદાર્થોનું જ્ઞાન આપણને થઈ શકે નહિ—આ અચળ અધિષ્ઠાનને આત્મા, પુરુષ, પરમેશ્વર ઇત્યાદિ નામો આપવામાં આવે છે. આ ચરાચર વિશ્વ પરમાત્મામાંથી જ ઉત્પન્ન થયું છે અને પરમાત્મા સ્વરૂપે જ છે. જેમ માટીના એક ઢેફાનું જ્ઞાન થવાથી સમસ્ત પૃથ્વીનું જ્ઞાન થાય છે, તેવી રીતે આ આત્માનું જ્ઞાન થવાથી સમસ્ત વિશ્વ જે આત્માનું જ સ્વરૂપ છે તેનું જ્ઞાન થાય છે. પરમાત્મા જ આ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે, પણ તે માત્ર વિવર્તરૂપે જ; કારણ કે પરમાત્માના સ્વરૂપમાં આ સૃષ્ટિરૂપી આભાસથી કોઈ પણ પ્રકારનો વિકાર થતો નથી. જેમ અંધારામાં રજ્જુના કડકાને જોતાં તે સર્પ હોવાનો ભાસ થાય છે અને તેથી મનમાં ભય ઉત્પન્ન થાય છે,

તેવી રીતે આત્માના યથાર્થ સ્વરૂપનું વિસ્મરણ થવાથી સંસાર–અજ્ઞાન મનુષ્યના મનમાં રાગ, દ્વેષ, ભય, ક્રોધ ઇત્યાદિ વિકારો ઉત્પન્ન કરે છે. જેમ રજ્જુમાં સર્પનો ભાસ થવામાં અંધારું કારણભૂત છે, તેમ **જગતને જગતરૂપે** જોવામાં અવિદ્યા જ કારણભૂત છે. આપણી વ્યવહારાવસ્થા એક પ્રકારની ગાઢ સુષુપ્તિ છે, એ અનુભવ થોડે ઘણે અંશે પ્રત્યેક ધાર્મિક હૃદયનો હોય છે. જેમ જેમ જ્ઞાનમાં સ્થિરતા અને ગહનતા આવતી જાય છે, તેમ તેમ આ અનુભવ વધારે દૃઢ અને સ્ફુટ થતો આવે છે; તેથી જ ગીતાજીમાં પ્રતિપાદન કરેલું છે, કે “ જે ભૂતમાત્રની રાત્રિ છે, તેમાં સંયમી જાગે છે અને જેમાં સર્વ ભૂત જાગે છે, તેમાં જ્ઞાનીની નિદ્રા છે.” આ સત્યને જુદા જુદા ધર્માચાર્યોએ, કવિઓએ, તત્ત્વચિંતકોએ, વિજ્ઞાનશાસ્ત્રીઓએ વિધવિધ રીતે જનસમાજ સમક્ષ મૂકેલું છે. આ જ સિદ્ધાંતને અભેદવાદીઓ માયા, અવિદ્યા, અજ્ઞાન, વિવર્ત, અનિર્વચનીયતા વગેરે પારિભાષિક શબ્દો વડે સમજાવે છે. માયાવાદનું જગત નથી, એમ કહેવું નથી; પણ **જગત જગતરૂપે** નથી, એમ કહેવું છે. પ્રાકૃતજનોને જગત જેવા રૂપે ભાસે છે, તે કરતાં જુદે જ રૂપે તે અનુભવી આત્માને ભાસે છે. એક જ આત્મા સર્વત્ર ભરપૂર છે, તેનાથી ભિન્ન બીજું અસ્તિત્વ અશક્ય છે. ઇંદ્રિયો દ્વારા જોતાં તે સંસારરૂપે જણાય છે, મનના ચક્ષુથી

જોતાં તે કલ્પનામય ભાસે છે અને યથાર્થ દૃષ્ટિથી જોનારને તે સર્વત્ર કૈવલ્યરૂપ જણાય છે. '**अहं ब्रह्मास्मि**' એ જ્ઞાનનો અંતિમ છેડો છે. હિંદુસ્તાનનું વાતાવરણ પૂરેપૂરી રીતે આ આદર્શથી ભરપૂર છે. પાશ્ચાત્ય પ્રજાઓનો જાતિસ્વભાવ પોતાના સામર્થ્યનો આવિષ્કાર કરવાનો છે. કુદરત ઉપર વર્ચસ્વ પ્રાપ્ત કરી નવીન પ્રકારના ભોગ્ય પદાર્થો ઉત્પન્ન કરવા અને તેમનો ઉપભોગ કરવો, એ તેમના જીવનનું લક્ષ્ય છે. આ ભાવનાથી પ્રેરાઈને તેઓ સદંતર પ્રવૃત્તિમય જીવન ગાળવામાં જ આનંદ માને છે. આર્યપ્રજાનું જીવનસૂત્ર સંયમ છે–ત્યાગ છે, જ્યારે પાશ્ચિમાત્ય પ્રજાઓનું ભોગ છે. એકનું લક્ષ્ય મોક્ષ છે–શરીરના અને મનના બંધનોમાંથી સદાને માટે મુક્તિ છે, ત્યારે બીજાનું લક્ષ્ય બાહ્ય સ્વાતંત્ર્ય છે (રાજકીય, આર્થિક, સામાજિક વગેરે). પશ્ચિમની પ્રજાઓ આ દુનિયાને જ સ્વર્ગ-તુલ્ય બનાવવાની કોશિશમાં નિમગ્ન રહે છે, ત્યારે આર્યાવર્તના લોકોની દૃષ્ટિ સંસારની પાછળ મૂળ કારણરૂપે રહેલા નિત્યતત્ત્વમાં જ સ્થિર રહે છે. આ બન્ને આદર્શોનો યોગ્ય સમન્વય કરવો એ જ આધુનિક સમયમાં આપણો '**યુગધર્મ**' છે. "ત્યાગ અને વૈરાગ્ય" શબ્દોના યથાર્થ અર્થનું વિસ્મરણ થવાથી વ્યવહાર અને પરમાર્થ વચ્ચે અભેદ્ય દીવાલ ચણવામાં આવી, વ્યાવહારિક કર્મો તરફ ઉદાસીનતા ઉત્પન્ન થઈ અને

સત્ત્વગુણના બહાના નીચે દેશનો જનસમૂહ તમોગુણના સમુદ્રમાં ડૂબતો ગયો. ભેદભાવનાનાં બંધનો તોડી અભેદ અનુભવનારા ઉદાર આત્માઓની સંખ્યા તો થોડી જ હોઈ શકે. ઈશ્વરનું સૌંદર્ય અને તેની વિભૂતિનું ધ્યાન કરતાં દેહનું પણ ભાન ભૂલી જાય, જેઓ સતત આત્મારામ હોય, પોતાના આનંદને માટે આત્મા સિવાય અન્ય વસ્તુની જેમને આવશ્યકતા ન હોય, એવા મહાનુભાવો તો ગણ્યાગાંઠ્યા જ હોઈ શકે. આવી દશા પ્રાપ્ત કરવાના જેઓ અધિકારી થયા ન હોય, તેમને માટે રજોગુણ, પ્રવૃત્તિમય જીવન ગાળવાનો જુસ્સો ઘણો જ ઉપકારક છે. આવો જુસ્સો અવનતિ કરવાને બદલે તેમને ધીમે ધીમે ઉન્નતિને માર્ગે લઈ જાય છે. તમોગુણમાંથી રજોગુણ દ્વારા જ સાત્ત્વિક અવસ્થા પ્રાપ્ત કરી શકાય છે. હિંદુસ્તાનમાં જેમ ઘણા માણસો માટે રજોગુણની આવશ્યકતા છે, તેમ જ્યાં સુધી પાશ્ચાત્ય સભ્યતાના પાયારૂપે જે સિદ્ધાંતો છે તેમાં મૂળગત પરિવર્તન કરવામાં નહિ આવે અને અભેદ ભાવનાને જનસમાજના હૃદયમાં કાયમનું સ્થાન આપવામાં નહિ આવે, ત્યાં સુધી વીસ-પચીસ વર્ષે હાલના દારુણ યુદ્ધ જેવી કરુણાજનક સ્થિતિમાંથી ત્યાંની પ્રજાઓને પસાર થવું જ પડશે. આપણા દેશમાં ઘણાઓ માટે તમોગુણને રજોગુણ વડે દબાવી દેવાની જરૂર છે—તે સિવાય

સંસારવ્યવહાર ચલાવવાનાં સાધનો મળવાં દુર્લભ છે; અને આને અભાવે પારલૌકિક કલ્યાણની ઉચ્ચતમ મહેચ્છાઓ જે આપણે સેવીએ છીએ, તેની તૃપ્તિ અશક્ય છે. જેમણે ચિત્તની સાત્ત્વિક અવસ્થા પ્રાપ્ત કરી છે, તેમને માટે તો જ્ઞાન અને કર્મનો, પ્રવૃત્તિ અને નિવૃત્તિનો, ત્યાગ અને ભોગનો સમન્વય સુલભ છે. આવા મહાત્માઓ પોતાને માટે નહિ, પણ લોકકલ્યાણાર્થે સતત કર્મ કર્યાં જ કરે છે. કર્મનું ક્ષેત્ર ગમે તે હોય, આવા પુરુષો પોતાના જીવનથી જ બીજાઓને પ્રેરણા આપે છે, બળ આપે છે અને તેમનામાં સ્વાર્થત્યાગ કરવાની વૃત્તિને પોષે છે. અભેદભાવના જે આપણને વારસામાં આપણા પૂર્વજો તરફથી મળી છે, તેને ચુસ્તપણે વળગી રહીને, આપણા પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપનું ભાન ભૂલ્યા વિના, માયાધીન થયા વિના આખા જગતને ચેતનમય કરી નાખનાર જે પ્રખર વિદ્યુતપ્રવાહ પશ્ચિમમાંથી વહેવા લાગ્યો છે, તેની આપણને આપણી બાહ્ય સ્થિતિ સુધારવા માટે ખાસ આવશ્યકતા છે. પશ્ચિમના લોકોમાં જે ઉત્સાહ, સ્વાતંત્ર્યપ્રેમ, સ્વાશ્રય, કર્તવ્યપરાયણતા, સંગઠનશક્તિ, શિસ્તપાલન કરવાની વૃત્તિ, સુવ્યવસ્થિત અને નિયમિત રીતે પોતપોતાનું કર્મ કરવાની ઉત્કંઠા જોવામાં આવે છે તે અનુકરણીય છે. જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ બન્નેનો યોગ્ય પ્રમાણમાં સંયોગ કરવો એ જ વિકાસનો માર્ગ છે.

સમષ્ટિ અને વ્યષ્ટિનો અભેદ છે એ ભાવના યથાર્થ રીતે લક્ષ્યમાં ઉદય પામી હોય, તો તે વ્યષ્ટિમાત્રને પોતાના કાર્યમાં બળ, પરાક્રમ, સાહસ, એકરસતા, પ્રેમ અને સ્વાર્પણબુદ્ધિ અર્પે છે. વ્યષ્ટિનું એક પણ કાર્ય એવું ન હોઈ શકે, કે જે સમષ્ટિની ભાવનાનું વિરોધી હોય. આ અભેદભાવના જનસમાજના ઐહિક અને પારલૌકિક હિતને માટે એટલી બધી અનિવાર્ય છે, કે કોઈ કાળે કશી પણ અભિવૃદ્ધિ તે સિવાય થઈ શકતી નથી. આ અભેદભાવના કેવળ બુદ્ધિના વિલાસોમાં નહિ, પણ હૃદયના ભાવમાં રહેવી જોઈએ અને વ્યાવહારિક ક્ષેત્રમાં પ્રત્યેક કર્મમાં તેનો આવિર્ભાવ થવો જોઈએ.

ભૂતકાળ તરફ હમેશાં નજર રાખી, આ અભેદભાવના જે આર્યસંસ્કૃતિનો અવિચળ પાયો છે તેમાં સ્થિર થઈ, ભવિષ્ય તરફ દૃષ્ટિપાત કરી ક્ષિતિજનો અનંત વિકાસ કરવો જોઈએ. આત્મા સિવાય અન્ય વસ્તુઓ સતત પરિવર્તનશીલ છે, એ સનાતન સત્યને મનમાં ઠસાવી, બાહ્ય સ્થિતિમાં વખતોવખત હેરફેર કરવાની ઊલટ રાખવી જોઈએ. એકત્વની અચળ ભૂમિકા ઉપર સદંતર ગતિ, બહારની અવસ્થામાં--વસ્તુઓનાં નામરૂપોમાં નિરંતર અદલબદલ, નૂતન સર્જન કરવાની તીવ્ર અભિલાષા, આ જ પ્રગતિસૂચક ચિહ્નો છે.

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

ગ્રંથોનું સૂચિપત્ર

આદર્શ ગ્રંથો—મૂળ તથા અનુવાદ

એકાદશ ઉપનિષદો—મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર ૨—૮
બળવાન બનો!—યજુર્વેદસંહિતાનો ૧ લો અધ્યાય—
મૂળ અને ટીકા સાથે ... ... ૦—૮
વિવેકચૂડામણિ—શ્રીમત્ શંકરાચાર્યકૃતઃ મૂળ શ્લોકો
તથા સરળ ભાષાંતર ... ... ૦—૧૨
જીવન્મુક્તિવિવેક—તત્ત્વજ્ઞાન, વાસનાક્ષય ને મનોનાશ
કરી મુક્તિ માટે માર્ગદર્શન આપતો પ્રાચીન ગ્રંથ ૧ ૪
અષ્ટાવક્રગીતા—શ્લોકો તથા સરળ અર્થ ... ... ૦—૮
મહાવાક્ય રત્નાવલિ—સરળ અર્થ સાથે ... ... ૦—૧૨
એકાદશ સ્કંધ—મૂળ સહિત સરળ ભાષાંતર ... ૧—૪
બૃહદારણ્યક અને **બીજાં ૧૦૦ ઉપનિષદો**— ,, ૨—૮
વિદુરનીતિ—શ્લોકો તથા સરળ ભાષાંતર ... ... ૦—૧૨
મનુસ્મૃતિ—સરળ ભાષાંતર, મૂળ શ્લોકો સહિત ... ૩—૦
આર્યધર્મનીતિ ને **ચાણક્યનીતિસાર**—પસંદ કરી
ચૂંટેલા ધર્મનીતિના શ્લોકો, સરળ અર્થ સાથે... ૦—૮
વિષ્ણુસહસ્રનામ—વિષ્ણુનાં હજાર નામો, અર્થ સાથે ૦—૪

શાસ્ત્રગ્રંથો—માત્ર અનુવાદ

સંપૂર્ણ મહાભારત (ભાષાંતર) દળદાર સાત ગ્રંથોમાં ૪૫—૦
શ્રીમદ્ ભાગવત—બે ગ્રંથમાં સરળ ભાષાંતર, આવૃત્તિ
૧૧મી (૨૭ ચિત્રો સાથે) ... ... ૮—૦
,, ,, —ભાગ બીજો-(આવૃત્તિ ૮ મી) છૂટક મળશે ૧૯૯૭ ૩—૦
ભગવતી (દેવી) ભાગવત—સરળ ભાષાંતર, મોટા અક્ષરો ૬—૦

વિચારસાગર—વેદાંતના દોહનરૂપ તત્ત્વજ્ઞાનનું પુસ્તક ૨–૮

લઘુ યોગવાસિષ્ઠ—સમગ્ર યોગવાસિષ્ઠને સમજાવતું સારરૂપ પુસ્તક... ... ... ૨–૮

યોગવાસિષ્ઠ મહારામાયણ—ચાર દળદાર ગ્રંથો, વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ ને નિર્વાણ—આ છ પ્રકરણો—મોટા અક્ષરોમાં ... ૧૨–૦

મહાભારતનું શાંતિપર્વ—રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ—ચારે વર્ણ, આશ્રમના સામાન્ય ધર્મો–વિશેષ, મુખ્ય તથા ગૌણ ધર્મો ઇત્યાદિ ૭–૮

અન્ય ધાર્મિક ગ્રંથો

ધમ્મપદ—પંડિત બેચરદાસ દોસીની ટીકા સાથે ... ૧–૦

સર્વવેદાંત–સિદ્ધાંત સાર–સંગ્રહ ૧–૪

સ્વરૂપવિચાર—ગુરુ શિષ્યના સંવાદરૂપે ૦–૧૦

દત્ત–પરશુરામ અથવા આત્મદર્શનયોગઃ—ભગવાન દત્તાત્રેયપ્રણીત ત્રિપુરારહસ્ય જ્ઞાનખંડ, વિસ્તૃત વિવરણ સાથે ૨–૦

આત્મરામાયણ—રામાયણનું ટૂંકી કથા સાથે તત્ત્વજ્ઞાન સમજાવતું અધ્યાત્મ વિષયનું સરળ પુસ્તક ૦–૧૨

પરમાનંદની પ્રાપ્તિ—શુદ્ધાદ્વૈત મતથી બ્રહ્મનું નિરૂપણ કરતું પુસ્તક, રસિક વાતચીતરૂપે ૧–૮

મોક્ષમાળા—શ્રીમદ્ રાજચંદ્રકૃત જૈનતત્ત્વજ્ઞાનનું ઉત્તમ પુસ્તક, મહાત્મા ગાંધીજીના પરિચય સાથે ... ૧–૪

પરમસુખી થવાના ઉપાય—શ્રીમન્નથુરામ શર્માનાં ધાર્મિક વ્યાખ્યાનોનો ઉપયોગી સંગ્રહ... ૨–૦

પ્રભુમય જીવનનું રહસ્ય—મહાપુરુષોના ઉપદેશની વાનગી તથા ભજનો ઇત્યાદિ ૧–૦

વિવેકાનંદસાર—વિવેકાનંદના સમગ્ર ઉપદેશોના સારરૂપે વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી ૨–૦

રામકૃષ્ણકથામૃત—એ ગ્રંથમાં નવી આવૃત્તિ, ઉપદેશો, બોધક વાતચીતના પ્રસંગો ઇત્યાદિ ૫–૦

તુકારામ ગાથા—એ ગ્રંથોમાં—પ્રભુપ્રેમ—ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યપ્રેરક ૪૧૪૧ મરાઠી અભંગોનું સરળ ભાષાંતર ૬—૦

દાસબોધ—ભક્તિનિરૂપણ, જન્મદુઃખનિરૂપણ, નવ પ્રકારની ભક્તિ, બ્રહ્મનિરૂપણ, પિંડ અને બ્રહ્માંડ, સારાસાર વિચાર ઇત્યાદિ અનેક પ્રકારના **સમર્થ રામદાસના** ઉપદેશો ... ... ૨—૮

સ્વામી રામતીર્થના સદુપદેશો—આત્મકૃપા, બ્રહ્મચર્ય, રાષ્ટ્રીય ધર્મ, આત્મસાક્ષાત્કારનો વિધિ, પ્રારબ્ધ નહિ પણ પુરુષાર્થ, યજ્ઞનું રહસ્ય, આનંદ, જીવતો કોણ છે ? વગેરે બાબતો સમજાવતાં—

વ્યાખ્યાનો ઇત્યાદિ—(ગ્રંથ ૧ લા રૂપે) ... ૨—૮

સદુપદેશો—(ગ્રંથ ૩ જા રૂપે) ... ... ૨—૮

સ્વામી વિવેકાનંદના ઉપદેશો—ધર્મ એટલે શું ? ભક્તિનું ખરું સ્વરૂપ, વેદાંતનું કાર્ય, ભરતખંડનું ભવિષ્ય, આપણું કર્તવ્ય, પુનર્જન્મ, ભક્તિયોગ, મૂર્તિપૂજા, પ્રભુપ્રેરિત વાતો, પત્રો ઇત્યાદિ

સદુપદેશો—(ભાગ ૪—૫ રૂપે) આવૃત્તિ ૨ જી... ૨—૪

ભક્તિયોગ—આવૃત્તિ ૨ જી (ભાગ ૮ મા રૂપે) ૧—૮

પાતંજલયોગ ને જ્ઞાનયોગ—(ભાગ ૧૦—૧૧ રૂપે) ૨—૦

પાતંજલ યોગસૂત્ર—ભગવાન પતંજલિનાં યોગસૂત્રો, અર્થ તથા સ્વામી વિવેકાનંદના વિવેચન સાથે ૧—૦

જ્ઞાનયોગ—આત્મા, વ્યાવહારિક વેદાંત, કલ્યાણનો પંથ, યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયી—વગેરે ઉપર સ્વામી વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો ... ... ૦—૧૨

રાજયોગ—(સ્વામી વિવેકાનંદકૃત) સાધન, પ્રાણ, પ્રાણનું આધ્યાત્મિક રૂપ, પ્રાણનો સંયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ ઇત્યાદિ ૦—૧૨

આખ્યાનમાળા—એ ગ્રંથમાં સ્વ૦ અનંતપ્રસાદકૃત ઋષિ—મુનિઓ તથા દેવ—દેવીઓનાં કુલ ૪૩ આખ્યાનોનો ઉત્તમ સંગ્રહ ... ... ૬—૦

વૈદિક વિનય–દરરોજના સ્વાધ્યાય માટે પસંદ કરી ચૂંટેલા ૩૬૦ વેદમંત્રો, ભાષાંતર તથા વિસ્તૃત સમજૂતી સાથે	૩–૧૨
ઉપદેશસારસંગ્રહ–મહાત્મા તિરુવલ્લુવરના ઉપદેશો...	૧–૮
સુબોધરત્નાકર–ધર્મનીતિનાં પ્રેરક ૧૦૫ દૃષ્ટાંતો ...	૧–૮

સ્વ૦ પઢિયારકૃત પુસ્તકો

સ્વર્ગનું વિમાન–ભક્તિમાર્ગનાં ટૂંકાં ૩૨૫ દૃષ્ટાંતો	૨–૦
સ્વર્ગની કૂંચી–સદ્વર્તન રાખતાં શીખવનારું પુસ્તક	૨–૦
સ્વર્ગનો ખજાનો–ભક્તિમાર્ગની સરળ ત્રીજી ચોપડી	૨–૦
સ્વર્ગનો પ્રકાશ–જ્ઞાન અને પરમાર્થનો સંબંધ તથા પાગલ હરનાથની જાણવા લાયક વાતો	૨–૦
સ્વર્ગનો આનંદ–ભક્તિના અનેક પ્રકારો ઇત્યાદિ	૨–૦
સ્વર્ગની જિંદગી–કંગાળ મનોદશાને માટે ભોમિયારૂપે	૨–૦
સ્વર્ગની સડક–સ્વર્ગપ્રાપ્તિ માટેનો રસ્તો બતાવનાર	૨–૦
સંસારમાં સ્વર્ગ–સંસારને સ્વર્ગરૂપ બતાવનારું પુસ્તક	૨–૦
સ્વર્ગની સીડી–મોક્ષમાર્ગનાં ૧૨ પગથિયાંની સમજ	૨–૦
સાચું સ્વર્ગ–ભક્તિ ને જ્ઞાનવિષયક સાદી વાતો ...	૨–૦

રામાયણો

ગિરધરકૃત રામાયણ–કવિ ગિરધરદાસકૃત	૪–૮
માનસ રામાયણ–બે ભાગમાં, દોહા–ચોપાઈ હિંદી લિપિમાં અને અર્થ ગુજરાતીમાં (૩૦ ચિત્રો સાથે)	૭–૦
તુલસીકૃત રામાયણ–બે ભાગમાં, દોહા–ચોપાઈ ગુજરાતી લિપિમાં અર્થ સાથે (૩૬ ચિત્રો સાથે)	૭–૮
,, ,, –ભાગ ૨ જો–આવૃત્તિ ૭ મી ... ૬૪૦	૩–૦
વાલ્મીકિ રામાયણ–(નવી આવૃત્તિ છપાય છે.)	
,, –ભાગ બીજો (આવૃત્તિ ત્રીજી છૂટક મળશે.)	૩–૦

ભગવદ્ ગીતાઓ—

શ્રીમદ્ ભગવદ્ગીતા–પં. સાતવલેકરજીની પુરૂષાર્થ-બોધિની ટીકા સાથે : ત્રણ ગ્રંથોમાં ... ૧૨૦૦	૧૨–૦

શ્રીમદ્ ભગવદ્‌ગીતા–મોટા અક્ષરમાં સરળ અનુવાદસહિત ૦–૧૨
શ્રી જ્ઞાનસત્ર ગીતા–મૂળ શ્લોકો ગુજરાતી પદચ્છેદ તથા શબ્દાર્થ સાથે … … ૧–૪
શ્રી જ્ઞાનસત્ર ગીતા–ગુજરાતીમાં શ્લોક, અન્વય, પદચ્છેદ તથા તેના અર્થ સાથે … … ૧–૪
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા–ભગવાન જ્ઞાનેશ્વરે લખેલી અનેક દાખલા–દૃષ્ટાંતથી ગીતા સમજાવતી 'ભાવાર્થ દીપિકા'ની ટીકાના સરળ અર્થ સાથે ૪–૦
શ્રીમદ્ ભગવદ્‌ગીતા–એક બાજુ શ્લોક ને બીજી બાજુ ભાષાંતર, બોર્ડપટ્ટીનાં પૂઠાં … … ૦–૮
શ્રીમદ્ ભગવદ્‌ગીતા–માત્ર ગુજરાતી ભાષાંતર આવૃત્તિ ૨૦ મી, બોર્ડપટ્ટીનાં પૂઠાં ૦–૪
मूळ–मूळ भगवद्गीता–(માત્ર સંસ્કૃતમાં પાઠ કરનારા માટે) પાન ૧૧૨ : મોટા અક્ષર ૦–૧૪ પાન ૨૦૮ : મધ્યમ અક્ષર … ૦–૫
અવધૂતગીતા–મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર … ૧–૦

જીવનચરિત્રો

ભક્તરાજ હનુમાન–ટૂંકું જીવન ચરિત્ર … ૭૬ ૦–૬
શ્રી રમણ મહર્ષિ–પરિચય ને બોધ (સ્વામી માધવતીર્થકૃત) … … ૧–૦
સાંઈબાબા–શિરડીના પ્રખ્યાત સંતનું ચરિત્ર… … ૩–૦
સ્વામી સહજાનંદ–ચરિત્ર ને ઉપદેશો … … ૧–૮
ચૈતન્ય મહાપ્રભુ–ત્રણ ગ્રંથોમાં, વિસ્તૃત ચરિત્ર … ૬–૮
જ્ઞાનેશ્વર મહારાજ ને મહાત્મા એકનાથ–બે ચરિત્રો ૨–૮
રામકૃષ્ણ પરમહંસ–પ્રેરણાદાયી અદ્‌ભુત ચરિત્ર … ૨–૮
સ્વામી વિવેકાનંદ–બાળપણથી સમાધિ પર્યંતના જીવનના બધા પ્રસંગો આલેખતું વિસ્તૃત ચરિત્ર ૩–૦
સ્વામી રામતીર્થ–વિસ્તૃત ચરિત્ર, વેદાંતના થોડા ઉપયોગી ઉપદેશો સાથે ૩–૦

સંત તુકારામ—મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંતનું ચરિત્ર ૨–૮

સ્વામીશ્રી બ્રહ્માનંદજી ને શિવાનંદજીનાં ચરિત્રો ૧–૬

શ્રી રામચંદ્ર દત્ત ને નાગ મહાશયનાં ચરિત્રો ૧–૦

મહાત્મા સરયુદાસજી, ભૂધરભક્ત ને મહાત્મા જાનકીદાસજીનાં ચરિત્રો ૦–૧૦

ભક્તચરિત્ર—નાભાકૃત ભક્તમાળમાં નહિ આવેલાં મહાન ૨૯ ભક્તોનાં અદ્ભુત અને પ્રેરણાદાયી ચરિત્રો ૨–૮

આદર્શ ચરિત્રસંગ્રહ—ભાગ ૨ જો–દેશ–પરદેશના મહાન પુરુષોના બોધક ૭૦ ટૂંકાં ચરિત્રો ૨–૮

ભારતના વીરપુરુષો—મધ્યયુગમાં થઈ ગયેલા ઐતિહાસિક ૪૦ ભારતીય વીર પુરુષોનાં ચરિત્રો ૧–૪

મુસ્લિમ મહાત્માઓ—૯૬ મુસ્લિમ સૂફી સંતોનાં ચરિત્ર–દરેક સંતના ઉપદેશ સાથે ૨–૪

વીર દુર્ગાદાસ અથવા **મારુ સરદારો**—મારવાડના રાજપૂત યુગના આ નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત ૧–૦

સંતવાણી–ભજનો ઇત્યાદિ

પરિચિત પદસંગ્રહ—પસંદ કરી ચૂંટેલાં ૬૯૭ ભજનો ૧–૧૨

ભજનસાગર—જુદા જુદા ભક્તોનાં ૯૩૧ ઉત્તમ ભજનોનો સૌથી મોટો ને સસ્તો સંગ્રહ ૨–૮

અખાની વાણી—અઘરા શબ્દોના અર્થ સાથેની સુધારા–વધારા સાથેની ત્રીજી આવૃત્તિ ૩–૦

कामहण—સંત તુકારામના અભંગોમાંથી ખાસ પસંદ કરેલા અભંગોનો સંગ્રહ (મરાઠીમાં) ... ૦–૫

પ્રીતમદાસની વાણી—ધોળ, છપ્પા, કક્કા, મહિના ઇત્યાદિનો સંગ્રહ ૫૬૦ ... ... ૨–૮

દીવાને સાગર—પ્રભુપ્રાપ્તિ અને જીવનસાફલ્યનો ઉલ્લાસ આપતી ૨૧૦ 'સાગર'ની ગઝલોનો સંગ્રહ ૪–૮

જીવન-પગલે—(કાવ્યો)—જીવનપથ ઉજાળવાની પ્રેરણા આપતાં કાવ્ય ... ૦–૧૦

મીરાં ને નરસિંહ–સં૦ : ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ
દિવેટિયા : પસંદ કરેલાં ૧૯૩ ભજનો તથા પદો ૦–૧૨

ખાસ સ્ત્રીઉપયોગી ગ્રંથો—

શ્રી શારદામણિ દેવી–ટૂંકું ચરિત્ર ૧૦૪ ૦–૮
સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો–સ્ત્રીઓની કેળવણી, લગ્ન, વારસાહક્ક, ગામડાંની સ્ત્રીઓનો પ્રશ્ન, કાર્યક્ષેત્ર, શારીરિક સંપત્તિ, ગૃહઉદ્યોગ... ... ... ૧–૮
કલ્યાણમયી–(આવૃત્તિ ૨ જી), વાર્તાના સ્વરૂપમાં, સ્ત્રી-ઉત્કર્ષની ભાવનાને રજૂ કરતો ગ્રંથ ... ૧–૦
ભારતની દેવીઓ–ત્રણ ગ્રંથો : પ્રાચીન તથા અર્વાચીન ૫૨૮ સતીઓનાં ચરિત્રોનો સૌથી મોટો સંગ્રહ ૯–૦
દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી–સ્ત્રીઉપયોગી ટૂંકી ચાર વાતો–બાલિકાઓ માટે ખાસ ઉપયોગી ૦–૮
ટૂંકી વાતો–ગ્રંથ ૧ લો–સામાજિક નિર્દોષ ૬૬ વાતો ૨–૮
„ – **૨જો**–કુંટુંબ માટે ઉપયોગી ૫૭ વાતો ૨–૮
„ – **૫મો**–સ્ત્રીપુરુષને ઉપયોગી ૫૬ વાતો ૨–૮
„ – **૬ઠ્ઠો**–સર્વ માટે ઉપકારક ૮૬ વાતો ૨–૮

બાળકો માટેનાં પુસ્તકો—

બાલભારત–(સચિત્ર)–સંક્ષિપ્ત મહાભારત ૧–૮
બિરબલ અને બીજા–લે૦ જ્યોતીન્દ્ર દવે:: બાદશાહ અને બિરબલ તથા બીજી રમૂજી વાતોનો સંગ્રહ ૧–૮
સદ્‌ગુણી બાળકો–૬૯ ખરા બનાવોનો સંગ્રહ ... ૦–૮
ભારતીય નીતિકથાઓ–મહાભારતમાંની ૫૨ વાતો ૦–૮
સુબોધક નીતિકથા–બાળોપયોગી ૧૫૨ બોધપ્રદ વાતો ૦–૮
બાળકોની વાતો–ભાગ ૧ લો: બોધપ્રદ ૨૧ વાતો ૦–૬
„ –ભાગ ૨ જો: બોધપ્રદ ૬૧ લેખોનો સંગ્રહ ૦–૮

પ્રકીર્ણ સાહિત્ય—

સુવર્ણયુગ—શ્રી. કનૈયાલાલ મુનશીના લેખોનો સંગ્રહ ૦—૮

આત્મનિરીક્ષણ ને સંકલ્પ—રમણલાલ વ૦ દેસાઈ:: વ્યક્તિગત અને સમાજની નિર્બળતા ઉપર ડોકિયું કરી, સ્વસુધારણા માટે પ્રેરણા આપતું ઉત્તમ પુસ્તક ૧—૦

ગુજરાતની ગઝલો—(દી. બ. કૃષ્ણલાલ ઝવેરી સંપાદિત) જુદી જુદી ૮૯ ઉત્તમ ગઝલોનો સંગ્રહ ૧—૦

કચ્છની લોકવાર્તા—ડુંગરશી ધરમશી સંપટ કચ્છદેશની રાજપૂત યુગની ઘટનાઓ આલેખતો ગ્રંથ ૨—૦

સાહિત્યપ્રારંભિકા—લે૦ હિંમતલાલ ગ૦ અંજારિયા:: ગુજરાતી સાહિત્યવિકાસનો ઇતિહાસ: વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી ... ... ૧—૦

ઉત્સાહ અને ચેતનાપ્રેરક ગ્રંથો—

અંતરની વ્યથા—લે૦ 'સોપાન' હૃદયના ઊંડાણમાંથી ભભૂકતી સાચી પાંચ જીવનકથાઓ ... ... ૧—૪

સુબોધકથાસાર—બોધદાયક ૫૦૫ દૃષ્ટાંતોનો સંગ્રહ ૨—૦

આગળ ધસો—ચેતનાપ્રેરક મહાન ગ્રંથ (આવૃત્તિ ૩જી) ૨—૮

સુખી જીવનનાં સાધન—વ્યાવહારિક સુખ મેળવી આનંદી જીવન ગાળવા ઉત્સાહ પ્રેરતું પુસ્તક ૧—૮

આદર્શ દૃષ્ટાંતમાળા—ભાગ ૧–૨: મહાપુરુષોનાં ચરિત્રો પરથી બોધક ૮૧૯ દૃષ્ટાંતોનો સંગ્રહ ૪—૦

કતલખાનું—શ્રમજીવીઓનાં અનેકવિધ દુઃખોનો તાદૃશ્ય ચિતાર રજૂ કરતી નવલકથા (અપ્ટન સિંકલેરકૃત) ૩—૦

શુભસંગ્રહ—(ભાગ ૨ ને ૯) ગ્રંથોમાં ઘરગથ્થુ દવાઓ તથા ઉપયોગી માહિતીના ૩૧૩ લેખોનો સંગ્રહ ૫—૦

સુબોધપુષ્પવાટિકા—મહાત્મા શેખ સાદીકૃત નીતિ-વિષયક, મધુર અને હૃદયગ્રાહી શૈલીમા લખાયલું પુસ્તક: રાજાની તથા ત્યાગીની રહેણીકરણી, મૌનનો મહિમા, શિક્ષણનું ફળ ઇત્યાદિ અનેક ઉપદેશો ૦–૫

વૈદક તથા વિજ્ઞાનના ગ્રંથો—

ખોરાકના ગુણદોષ—આયુર્વેદની દૃષ્ટિએ–લેખક: ડૉ. રસિકલાલ જે. પરીખ: સુધારા વધારા સાથેની નવી આવૃત્તિ ૦–૧૦

ઔષધિ કલ્પલતા—જડ અને હઠીલા રોગો ઉપર ૪૩ વનસ્પતિઓનાં સેવન વિષે સમજૂતી ૦–૧૨

આર્યભિષક્ અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ—અનેક વનસ્પતિઓના ગુણ–દોષ, તથા તેના ઉપયોગ તેમ જ રોગો, તેનાં લક્ષણ ને કારણ તથા ઉપચારોનો મહાન ગ્રંથ ૬–૦

આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન—મ૦ ગાંધીજીકૃત: શરીરરચના, હવા, પાણી, ખોરાક, કસરત, કપડાં, પાણીના તથા માટીના ઉપચાર, અકસ્માત, ગર્ભવેળા સ્ત્રી–પુરુષનું કર્તવ્ય વગેરે ૦–૮

વૈદક સંબંધી વિચારો—બે ભાગમાં, આરોગ્ય અને વૈદકના ઉપયોગી ૨૯૧ લેખોનો સંગ્રહ ૩–૧૨

આયુર્વેદ નિબંધમાળા—ભાગ ૧ લો તથા ૨ જો: વૈદ્ય તિલકચંદ તારાચંદકૃત: આયુર્વેદ પ્રમાણે અનેક રોગ, તેનાં લક્ષણ, કારણ અને તેના સચોટ ઉપચારો બતાવતા બે ગ્રંથો ૪–૪

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, અમદાવાદ અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ–૨

૧૮ પુસ્તકોની સાહસભરી નવી યોજના

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'

- યોજનાનાં દરેક પુસ્તકની છૂટક કિંમત **દસ આના** રહેશે.
- આ શ્રેણીનાં અઢારે પુસ્તકો માટે અગાઉથી નાણાં મોકલી નામ નોંધાવનારને છૂટક મૂલ્યના કુલ થતા રૂા. ૧૧–૪ ને બદલે **માત્ર રૂા. ૧૦)માં** મળશે.
- ટપાલથી મંગાવવા ઇચ્છનારે રૂા. ૧–૮ વધુ એટલે કુલ રૂા. ૧૧–૮ મોકલવા.

૧. **પ્રકાશનાં પગલાં** : (સચિત્ર) લેખક: કરસનદાસ માણેક
★ જગતના ભિન્ન ભિન્ન ધર્મોની પ્રેરક કથાઓ

૨. **રાખની ઢગલી** : (સચિત્ર) લેખક : 'સૌજન્ય'
★ વાર્તાના સ્વરૂપમાં સંસારની સળગતી સમસ્યાઓ

૩. **હાસ્યતરંગ** : (સચિત્ર) લેખક: જ્યોતીન્દ્ર હ૦ દવે
★ જીવનમાં દરરોજ દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષ–લેખો

૪. **જીવનની કલા** : લેખક : રવિશંકર મહેતા
★ જીવનની સફળતા માટેનું વ્યવહારુ માર્ગદર્શન

૫. **જગતમાં જાણવા જેવું** : (સચિત્ર) લેખક : છોટાલાલ માનસિંગ કામદાર ★ જગતની અદ્ભુતતા અને ઉપયોગિતાનો સરલ પરિચય

૬. **જીવનપરિવર્તન** : (સચિત્ર) લેખક : 'સોપાન'
★ એક જીવનપલટાની કરુણ–મંગલ સળંગ વાર્તા

૭. **ઇતિહાસને અજવાળે** : (સચિત્ર) લે૦ : ઇંદુ વસાવડા
★ ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા

૮. **ગૃહજીવનની કલા** : (સચિત્ર) લે૦ : 'સમાજશાસ્ત્રી'
★ ઘરમાં સુખ ને સંપથી કેમ રહી શકાય તેનાં સૂચનો

૯. ગામડું બોલે છે : (સચિત્ર) લે૦ : ચુનીલાલ મડિયા
★ હિંદના નમૂનારૂપ એક ગામડાનું સાચું જીવન

૧૦. ગૃહજીવનનાં દૃશ્યો : (સચિત્ર) લેખિકા : કુમુદ શેઠ
★ આપણાં ગૃહ–કુટુંબનાં સાચાં શબ્દચિત્રો

૧૧. મારો ભારત દેશ : (સચિત્ર) લે૦ : કાંતિલાલ પરીખ
★ ભારતવર્ષનાં સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય

૧૨. આરોગ્યસાધના : લે૦ : ડુંગરશી ધ૦ સંપટ
★ આરોગ્યના સંરક્ષણ અંગે માર્ગદર્શન

૧૩. ભગવાનનાં છોરુ : (સચિત્ર) લે૦ : પુરાતન બુચ
★ હરિજનોના જીવનપ્રસંગોનો હૂબહૂ ચિતાર

જુન–૧૯૪૯માં પ્રસિદ્ધ થશે

બાકીનાં પાંચ પુસ્તકો તૈયાર થયે તેનાં નામ અને લેખક વિષે ચોક્કસ જાહેરાત કરવામાં આવશે. એ પુસ્તકોમાં નીચેના વિષયોનો સમાવેશ થશે.

૧૪. રવીન્દ્ર–જીવન :
★ કવિવર રવીન્દ્રનાથ ટાગોરના જીવનનો પરિચય

૧૫. ગુજરાતના સેવકો :
★ ગુજરાતના મૂક સેવકોનો જીવનપરિચય

૧૬. માતૃત્વ :
★ બાળઉછેરને લગતા પ્રશ્નો અને ઉત્તરો

૧૭. જાગ્રત નારી :
★ નારીજીવનને પ્રેરણા આપતા લેખો ને જીવનચરિત્રો

૧૮. સાહસ કથાઓ :
★ લોકકલ્યાણ અર્થે સાહસ કરનારા વીરોની કથાઓ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ ને મુંબઈ–૨

'સસ્તું સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

આમ સાહિત્ય-ગ્રંથાવલિ

સમ્રાટ શ્રેણિક અને દેવી નંદા–
જૈન સંસ્કૃતિની બે નાટિકાઓ ૦–૩

ગીતાસંકલન–સં૦ રમણ મહર્ષિ : ભગવદ્‌ગીતામાંના ૪૦ શ્લોકો મહાત્માજી અને મશરૂવાળા જેવા તત્ત્વચિંતકોએ લખેલા અનુવાદ સાથે ૦–૩

શ્રી રામકૃષ્ણના ઉપદેશો–ટૂંકા ને સચ્ચોટ ઉપદેશો ૦–૫

ઉચ્ચ જીવન–લેખક : ડૉ. હરિપ્રસાદ વ્ર૦ દેસાઈ ... ૦–૩

મનને–સંપાદક : હેમંતકુમાર નીલકંઠ ૦–૩

ધ્યાન અને જ્ઞાન–લેખક : સ્વામી માધવતીર્થ ... ૦–૩

કણ્ઠાભરણમ્–પ્રાર્થના–મંત્રો (અર્થ સાથે) ૦–૩

જ્ઞાનનાં ઝરણાં–૨ જી આવૃત્તિ: લે૦ સ્વામી માધવતીર્થ ૦–૩

ઉત્તરગીતા–અર્જુનને ઉત્તરાવસ્થામાં શ્રી કૃષ્ણે આપેલા તત્ત્વબોધનો સરળ અનુવાદ: મૂળ શ્લોક સાથે ... ૦–૬

ભગવાન બુદ્ધ–(સચિત્ર)–લે૦ પુરાતન બુચ ૦–૩

શ્રીમત્ શંકરાચાર્ય–(સચિત્ર)–લે૦ પુરાતન બુચ ... ૦–૪

સંત કબીર–બોધદાયક ચરિત્ર: લે૦ પુરાતન બુચ ... ૦–૩

શ્રી તૈલંગસ્વામી, વિશુદ્ધાનંદ, પોહારીબાબા–આ ત્રણ મહાપુરુષોનાં ચરિત્રો ૦–૪

સંપૂર્ણ મહાભારત

આ મહાગ્રંથને વાંચવા-સમજવાની સાચી દૃષ્ટિ આપતા
૮૦૦ પાન જેટલા વિદ્વાનોના લેખો સાથેની નવી આવૃત્તિ

૭ દળદાર ગ્રંથોમાં : મૂલ્ય રૂ. ૪૫)

કદ ૭ાા"×૧૦" : પાન ૫૨૦૮ : ચિત્રો ૨૭

આર્યોના ઇતિહાસ, પુરાણ, ધર્મશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં જે કંઈ છે, તે બધું આમાં છે; અને આમાં જે કંઈ નથી, તે બીજે ક્યાંય પણ મળવા સંભવ નથી.



મહાત્મા ગાંધીજી કહે છે, કે :—

"મહાભારતને અમૂલ્ય રત્નોની એકાદ અખૂટ ખાણ સાથે જ સરખાવી શકાય; એ ખાણને જેમ જેમ વધુ ઊંડી ખોદીએ છીએ, તેમ તેમ તેમાંથી વધારે કિંમતી જવાહિરો નીકળે છે."

જેમને પોતાના કુટુંબીજનોના અને સંતતિના સંસ્કારોની કાંઈ પણ કિંમત હોય, તેમણે આ સંસ્કારની કામધેનુ જેવા ગ્રંથને વસાવી લેવો જોઈએ.

સ્ત્રીઓ અને બચ્ચાં બાળકો પણ વાંચી શકે એવા મોટા અક્ષરોમાં આ સાતે ગ્રંથો છપાયેલા છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, **અમદાવાદ** અને
કાળબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ—૨**

છેલ્લી અર્ધી સદીમાં મહાગુજરાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી અને ભિક્ષુ અખંડાનંદ એમ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો; ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.



૧૮૭૪ / ૧૯૪

સંત અને કર્મયોગી એવા ભિક્ષુ અખંડાનંદે જનસે[illegible] ભવ્ય પ્રકાર દેખાડ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધારાં દૂર કરવા માટે પુસ્તકો ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું.

તેમણે ઋષિ-મુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી અણમોલ જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટીને, સર્વ રીતે શુદ્ધ કરીને સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘરઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે 'कथयन्तो मां नित्यम्' એ ગીતાસૂત્ર પ્રમાણે, છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે શ્રેષ્ઠ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે; અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા ભિક્ષુ અખંડાનંદનું સ્થાન ગુજરાતના ગૌરવમાં-હિંદના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, અમદાવાદ અને કાલબાદેવી રોડ, મુંબઈ-૨